હરિઃૐ

# ગોધરાના બાપજી મહારાજનું જીવનચરિત્ર



પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

# ગોધરાના બાપજી મહારાજનું જીવનચરિત્ર

: સંપાદકો :
શ્રી ધીરુભાઈ મોદી
શ્રી મુકુલભાઈ કલાર્થી

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૮ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૬ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૨ + ૧૦૮ = ૧૨૦

❑ કિંમત : **રૂ. ૧૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૦૯૩૨૭૦૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિ:ૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

જેમના નિમિત્તે આ પુસ્તક દ્વારા સમાજને 'ગોધરાના બાપજી'નો પરિચય થયો, તેવા પરમ આદરણીય સદ્ગત **શ્રી છોટુભાઈ (હેડમાસ્તર) શંકરજી દેસાઈ** તથા તેમના પુત્ર પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનો ઊંડાણથી અભ્યાસ કરી ગુજરાતી પુસ્તકોનાં પ્રકાશન, અંગ્રેજી અનુવાદ અને પ્રકાશન તથા પૂજ્યશ્રીની ટેપરૅકૉર્ડ વાણીને એન.સી.પી.એ. (N.C.P.A.) ખાતે આગામી ૩૦૦-૪૦૦ વર્ષ સુધી જાળવી શકાય એવી વ્યવસ્થા કરાવી આપનાર, આદરણીય

**સદ્ગત ડૉ. શ્રી શરદભાઈ છોટુભાઈ દેસાઈ**

તથા તેમનાં ધર્મપત્ની

**સદ્ગત શ્રીમતી કુસુમબહેન શરદભાઈ દેસાઈ**

એ તમામ પિતા-પુત્ર-પુત્રવધૂને આ તબક્કે યાદ કરીને **'ગોધરાના બાપજી મહારાજનું જીવનચરિત્ર'** પુસ્તકની બીજી આવૃત્તિનું પ્રકાશન આદરપૂર્વક અર્પણ કરીએ છીએ.

તા. ૧૫-૪-૨૦૧૬
રામનવમી, સંવત ૨૦૭૨
પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન

**ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

ગોધરાના બાપજીનું જીવન ગૃહસ્થાશ્રમીઓ માટે પ્રેરણાદાયક નીવડે એવું છે. પૂજ્ય શ્રીમોટા, બાપજીના સમાગમમાં ગોધરામાં આવ્યા હતા. બાપજીનાં ધર્મપત્ની ભારે કર્કશા હતાં. મહાન સંત બાપજીનું, સૌ ભક્તજનોની હાજરીમાં તે અપમાન કરી બેસતાં, પરંતુ બાપજી બધું શાંત અને સ્વસ્થ ચિત્તે સહી લેતા. આની અસર પૂજ્ય શ્રીમોટા પર એટલી બધી પડી હતી કે, તેમના કોઈ પ્રશંસક કે સ્વજન પૂજ્ય શ્રીમોટા આગળ પોતાની કજિયાળી, કપરી પત્ની વિશે ફરિયાદ કરે કે રોદણાં રડવા લાગે, તો તેને પૂજ્ય શ્રીમોટા, **ગોધરાના બાપજીનું જીવનચરિત્ર** વાંચવા આપતા, કે જેથી તેને ખાતરી થાય કે પોતાની વિટંબણા બાપજીની સરખામણીમાં કંઈ જ નથી અને તેમાંથી તેને કંઈક પ્રેરણા પ્રાપ્ત થાય.

એ જીવનચરિત્ર ઘણાં વર્ષોથી અપ્રાપ્ય થઈ ગયું છે, પણ એ મૂળ જીવનચરિત્રને આધારે શ્રી મુકુલભાઈ કલાર્થી અને શ્રી ધીરુભાઈ મોદીએ પ્રસંગાત્મક સરળ શૈલીમાં આ પુસ્તક લખી આપ્યું છે. મુંબઈ નિવાસી ડૉ. શરદભાઈ દેસાઈના સદ્ગત પૂજ્ય પિતાશ્રી, શ્રી છોટુભાઈ, બાપજીના સમાગમમાં આવ્યા હતા, જેનો ઉલ્લેખ આ પુસ્તકમાં છે, તેમને આ નવું જીવનચરિત્ર ગમી ગયું, અને એને છપાવવા માટેની સંપૂર્ણ આર્થિક જવાબદારી તેમણે સહર્ષ ઉપાડી લીધી છે. ડૉ. શરદભાઈ દેસાઈનો અમે ઘણો ઘણો આભાર માનીએ છીએ.

મૂળ પુસ્તકનો સારો અભ્યાસ કરીને સંક્ષિપ્ત રસપ્રદ લખાણ શ્રમ લઈને તૈયાર કરી આપવા માટે શ્રી ધીરુભાઈ મોદી (નડિયાદ)

અને શ્રી મુકુલભાઈ કલાર્થી, આ બન્ને સ્વજનોનો આ સંકલન બાબત કાળજીપૂર્વક અને નિરપેક્ષભાવે પરિશ્રમ લઈ સુઘડ રીતે પુસ્તકને છપાવી આપવાનો પ્રબંધ કરી દેવા બાબતે અમો આ બન્નેનો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

આ જીવનચરિત્ર સૌને વાંચવું ગમશે અને એમાંથી જીવનઘડતરનું ભાથું મળશે, એવી આશા છે.

તા. ૧૪-૧-૧૯૮૮ **ટ્રસ્ટીમંડળ,**
મકરસંક્રાંતિ પર્વ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# સ્વ. શ્રી છોટુભાઈ (હેડમાસ્તર)નો પરિચય

આ પુસ્તિકામાં અમારા સ્વર્ગસ્થ પૂજ્ય પિતાશ્રી છોટુભાઈ શંકરજી દેસાઈનો ઉલ્લેખ એક વેદાંત વિશારદ અને જ્ઞાની પરીક્ષક તેમ જ સિદ્ધિના ઉપાસક તરીકે પરમ પૂજ્ય બાપજીની પરીક્ષા લેનાર વ્યક્તિ તરીકેનો છે. પરીક્ષા લઈ પરમ ભક્ત-શિષ્ય તરીકે એમણે અનેકવાર પૂજ્ય બાપજીની અમારા ઘરમાં પધરામણી કરાવી. પૂજા-કીર્તન વગેરે અર્ચનાથી એક 'નિરભિમાની જ્ઞાની' તરીકે થોડાક પરિચિત જીવો એમને પિછાનતા ખરા. પૂજ્ય બાપજીને 'કુંભાર'નો વ્યવસાય છોડાવવામાં શ્રી છોટુભાઈ દરુ સાથે એમનો સહયોગ પણ ખરો. એમની એક સાધક યોગી તરીકેની ઝાંખી કરાવવા નીચેનો પ્રસંગ રજૂ કરું છું.

એમના મૃત્યુદિને અમારા ગામ દિહેણમાં ઘરમાં હું (ત્યારે ઉંમર વર્ષ ૮) અને મારાં ભાભી અ.સૌ. કમળાબહેન બે જ જણ હાજર હતાં. સવારે અમે જાગ્યાં ત્યારે ઘરના વાડામાં પૂરી જાગૃત અવસ્થામાં જુલાબને લીધે બેસી રહેલા, અમને કહ્યું, ' આ દેહ આજે બપોરે ૧૨ વાગ્ય સુધી જ જીવંત રહેશે. તમે બધાં ૧૦ વાગ્યા પહેલાં જમી કરી નિત્યકર્મથી પરવારી જશો. પછી મોટા ભાઈ અને મિત્ર અગ્નિહોત્રી મહારાજને બોલાવી ગીતાપાઠ કરાવશો, તે પહેલાં જે કંઈ પૂછવું ઘટે કે ખુલાસો જોઈએ તે પૂછી લેશો. ત્યાર પછી આ દેહ છૂટે ત્યાં સુધી કોઈ રીતે ક્રિયા-વાતચીતથી દખલ ન કરશો.' આ મુજબ એમના શ્વાસ બરાબર સમયે બંધ થયા અને કંઈ દુઃખ, પીડા વગેરેનું ચિહ્ન ન રહ્યું. આવું કંઈક મને યાદ છે.

**-ડૉ. શરદ છોટુભાઈ દેસાઈ**

॥ હરિઃૐ ॥

# સંપાદકોના બે બોલ

## ‘હું તો પ્રભુનો ભગત છું !’

ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણ, ભક્તનાં લક્ષણો વિશે કહે છે :

(અનુષ્ટુપ)

‘અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા,
નિર્મમ, નિરહંકાર, સુખદુઃખે સમાનતા,
યોગી સદાય સંતોષી, જિતાત્મા, દૃઢ નિશ્ચયી,
મનબુદ્ધિ મને અર્પ્યાં, તે મદ્‌ભક્ત મને પ્રિય.
જેથી દુભાય ના લોકો, લોકથી જે દુભાય ના,
હર્ષ-ક્રોધ-ભય-ક્ષોભે છૂટ્યો જે તે મને પ્રિય.
પવિત્ર, નિઃસ્પૃહી, દક્ષ, ઉદાસીન, વ્યથા નહિ,
સૌ કર્મારંભ છોડેલો, મારો ભક્ત મને પ્રિય.
ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા,
શુભાશુભ ત્યજ્યાં જેણે, ભક્તિમાન મને પ્રિય.
સમ જે શત્રુ ને મિત્રે, સમ માનાપમાનમાં,
ટાઢે-તાપે, સુખે-દુઃખે સમ, આસક્તિહીન જે,
સમાન સ્તુતિ નિંદામાં, મૌની, સંતુષ્ટ જે મળે,
સ્થિરબુદ્ધિ, નિરાલંબ, ભક્ત જે, તે મને પ્રિય.’

આ બધાં ભક્તનાં લક્ષણોનું દર્શન બાપજીના જીવનમાં જોવા મળે છે. બાપજી સાચેસાચ ભક્ત જ હતા.

ભગવાન શ્રીચૈતન્ય મહાપ્રભુએ ‘શિક્ષાષ્ટક’માં કહ્યું છે :

**‘तृणादपि शुनीचेन तरोरपि सहिष्णुना ।**
**अमानिना मानदेन कीर्तनीयः सदा हरिः ॥’**

-‘જે રસ્તામાં પડેલા ઘાસના તણખલાથી પણ પોતાને તુચ્છ માને છે, વૃક્ષ કરતાં પણ વધારે સહનશીલ છે, તમામ પ્રકારના અહંકારથી અને પોતાને માટે માનની ઇચ્છાથી જે મુક્ત છે તથા બધાંને માન આપે છે, તે જ ભગવાન શ્રીહરિનું નામ સદા લઈ શકે છે.’

બાપજી આ કસોટીમાંથી પણ પાર ઊતરે છે.

બાપજીએ સદ્‌ગુરુની કૃપાપ્રસાદી પામ્યા પછી પણ એકત્રીસ વર્ષ સુધી ઘરખૂણે પોતનું કુંભારકામ મૌન સાધના કરતાં કરતાં કર્યાં કર્યું. એમને તો ભગવાનનું ભજનકીર્તન કરવાનું જ ગમતું. એ જ એમની અંતકાળ પર્યંત જીવનસાધના રહી. જાહેરમાં આવ્યા પછી પણ સત્સંગીઓને, ભક્તજનોને ઉપદેશ આપવા માટે પણ બાપજીએ ભજનોનો જ સહારો લીધો.

બાપજીનું નામ કદી છાપે નથી ચઢ્યું, એમણે કોઈ સંપ્રદાય નથી ચલાવ્યો, કે કોઈ મોટી પ્રવૃત્તિની આગેવાની નથી કરી. એટલે બાપજીને એમના સમાગમમાં આવનારા સત્સંગીઓનું, ભક્તજનોનું નાનકડું ભક્તમંડળ જ જાણે છે, પરંતુ બાપજીનું જીવન અને સ્મરણ પણ વાંચનાર કે સાંભળનારને પુનિત કરે એવાં છે.

આવો લહાવો આપવા બદલ આપણે ખરેખર બાપજીના નિકટવર્તી અને સેવાનિષ્ઠ ભાઈ મોહનલાલભાઈ ગાંધીના ઋણી છીએ. તેમણે બાપજીનું વિસ્તૃત જીવનચરિત્ર **'આખરે મહાન તારો ખરી ગયો'** એ નામે સને ૧૯૨૮માં પ્રસિદ્ધ કર્યું હતું. આજે એ પુસ્તક અપ્રાપ્ય છે.

હરિઃૐ આશ્રમના વ્યવસ્થાપક ટ્રસ્ટી શ્રી નંદલાલભાઈ શાહે એ પુસ્તક પરથી સરળ શૈલીમાં સંક્ષિપ્ત જીવનચરિત્ર તૈયાર કરવાનું જણાવ્યું. એ પરથી આ પુસ્તક તૈયાર કર્યું છે.

આશા છે કે સૌને આ પુસ્તક બાપજીના ભક્તજીવનને સમજવામાં પ્રેરક થઈ પડશે. અને રામભક્ત બાપજી વિશે આપણું દિલ પણ સંત તુલસીદાસજીના શબ્દોમાં ગાઈ ઊઠશે :

'કામ ક્રોધ મદ માન ન મોહા,
લોભ ન છોભ ન રાગ ન દ્રોહા,
જિન્હકે કપટ, દંભ નહિ માયા,
તિન્હકે હૃદય બસહુ રઘુરાયા.'

**-શ્રી ધીરુભાઈ મોદી**
**-શ્રી મુકુલ કલાર્થી**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા, પોતાના સાધનાકાળ દરમ્યાન ગોધરાના બાપજીનાં રૂબરૂ દર્શને ગયેલા. પૂજ્ય શ્રીમોટાએ દાંપત્યજીવનમાં વણાયેલા જીવોએ પ્રભુપ્રાપ્તિની સાધના કઈ રીતે કરવી તે વિશે વિશાળ માર્ગદર્શન આપ્યું છે, પરંતુ તેવું જીવન જીવનાર મહાપુરુષ એટલે ગોધરાવાળા બાપજી મહારાજ. શ્રી રમણભાઈ અમીન સાથેના સત્સંગમાં પૂજ્ય શ્રીમોટા, ગોધરાવાળા બાપજી મહારાજ વિશે વ્યક્ત થયા છે. સંસારી જીવનમાં પ્રભુભક્તિ અને સમાજની જવાબદારીઓ વચ્ચે તાલમેલ જાળવીને ઊર્ધ્વમાર્ગે પ્રયાણ કરતા જિજ્ઞાસુઓને તેમ જ તેવી ખેવના રાખનાર શ્રેયાર્થીઓને માટે આ પુસ્તક ઘણું ઘણું ઉપયોગી છે, જીવનને નવી દિશા અને મનને નવી સૂઝબૂઝ આપનારું છે.

પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ અને પરમ આદરણીય શ્રી ઝીણાકાકાને તો કેમ ભુલાય ? સ્વજનોના જીવન ઊર્ધ્વ ભૂમિકામાં સ્થાયી થાય એવી તેઓ બન્નેશ્રીની ઉદાર ભાવનાઓ થકી આ પુસ્તકની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન સને ૧૯૮૮માં હરિઃૐ આશ્રમ, સુરત તરફથી કરવામાં આવેલ. હાલમાં આ પુસ્તક અપ્રાપ્ય છે અને તેની ઘણી માંગ રહે છે, આથી, તેનું પુનઃ પ્રકાશન થઈ રહ્યું છે, જે અમારે મન તો પૂજ્ય શ્રીમોટાની કૃપા જ છે. સંસારીજીવો આ પુસ્તકમાંથી ઘણું પ્રાપ્ત કરી શકશે, એવી અમારી શુભેચ્છા છે.

અમદાવાદ નિવાસી શ્રી જયંતીભાઈ જાનીએ ખંતપૂર્વક અને ચીવટથી મુદ્રણશુદ્ધિની સેવા આપી છે. અમો તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૧૫-૪-૨૦૧૬ **ટ્રસ્ટીમંડળ,**
રામનવમી, સંવત ૨૦૭૨ હરિઃૐ આશ્રમ, સુરત
પૂજ્ય શ્રીમોટાનો ૭૮મો સાક્ષાત્કારદિન

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સાધુચરિત માતાપિતા | ૧ |
| ૨. | ભગવત્પ્રેમી બાપજી | ૫ |
| ૩. | સદ્ગુરુ સમાગમ | ૮ |
| ૪. | બાપજીનો કસોટીરૂપ ઘરસંસાર | ૧૫ |
| ૫. | માજી પુરાણ | ૨૧ |
| ૬. | સત્સંગીઓનું મંડળ જામ્યું | ૩૮ |
| ૭. | બાપજીના બોધક પ્રસંગો | ૪૭ |
| ૮. | બાપજીનો સરળ સદ્બોધ | ૬૭ |
| ૯. | બાપજીની માંદગી | ૮૩ |
| ૧૦. | અંતિમ વિદાય | ૯૧ |
| ૧૧. | બાપજીની અનુભવવાણી | ૧૦૦ |


●

॥ હરિઃૐ ॥

# ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- મોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

**જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,**
**તે હો પૂરા જીવનના જ રૂપાંતરે તો.**

**- મોટા**

‘તુજ ચરણે’, પૃ. ૧૦

॥ હરિઃૐ ॥

## (૧)

## 'સાધુચરિત માતાપિતા'

સંત તુલસીદાસજીએ કહ્યું છે :

**'साधु चरित सुभ सरिस कपासू,**
**नीरस विसद गुनमय फल जासू,**
**जो सहि दुःख परछिद्र दुरावा,**
**वंदनीय जेहि जग जस पावा ।'**

–'સાધુપુરુષોનાં' ચરિત્ર કપાસના જેવાં કલ્યાણકારી છે. જે નીરસ એટલે વાસનારહિત છે. છતાં ઊજળાં દૂધ જેવાં ગુણકારી છે. જે પોતે દુઃખ સહન કરીને બીજાના દોષ-છિદ્ર ઢાંકે છે અને જેને વંદન કરવા યોગ્ય યશ પ્રાપ્ત થયેલો છે,

પૂજ્ય બાપજીનાં માતાપિતા સાધુચરિત હતાં. આવાં સાધુચરિત માતાપિતાના પુત્ર પુરુષોત્તમ પણ સાધુચરિત જ નીવડ્યા અને નામ પ્રમાણે તેઓ પુરુષોમાં ઉત્તમ થયા.

સંત તુલસીદાસજીએ કહ્યું છે એમ, પૂ. બાપજી પણ બીજાના દોષો ભગવાન શિવજીની પેઠે અમૃત જાણીને પી ગયા અને પોતે વંદન કરવા યોગ્ય જશને પામી ગયા.

પિતા સેવકરામ ભગત ખરેખર ભગત જ હતા. અમદાવાદના ભૌતિક અર્થપ્રેમી વાતાવરણથી ભગતનો

શ્રેયાર્થી જીવ અકળાયો હશે. એટલે તે ત્યાંથી નીકળી ગયા. શાંતિથી ભક્તિમય જીવન જીવી શકાય એ વિચારે તે ગુજરાતમાં સ્થળની શોધમાં નીકળી પડ્યા.

ફરતાં ફરતાં સેવકરામ ભગત ગોધરા આવી પહોંચ્યા. ગોધરા ગામને સીમાડે અત્યારે જ્યાં તળાવ છે અને કાંઠે ધર્મશાળા તથા કૂવો અને વચમાં ખડકી છે, એ સ્થળ ભગતને એકાંતમાં નિવાસ કરવા યોગ્ય લાગ્યું. તે સમયે નજીકમાં જામફળીના વન જેવું હતું, ત્યાં ભગતજીએ નિવાસ કર્યો.

એ સમયે ગોધરામાં પેશ્વા રાજ્યસત્તાના સૂબેદાર અન્નાસાહેબનો વહીવટ ચાલતો હતો.

તે જમાનામાં લોકોમાં ભૂત, ડાકણ, પ્રેત વગેરેના વહેમો ખૂબ ઊંડે સુધી ઘર કરી બેઠા હતા. કહ્યું છેને- 'મંછા ભૂત અને શંકા ડાકણ.' એ રીતે લોકો વહેમથી ભડકીને જ ભૂત-પિશાચ-ડાકણના ભયથી કંપતા હતા. આનો લાભ ભૂવાઓ વગેરે બરાબર ઉઠાવતા.

એ સમયમાં ભગતજી ગોધરામાં આવ્યા હતા. ભગતજી લોકોને પ્રભુભક્તિને માર્ગે દોરવા અને આવાં શંકા-વહેમથી નિર્ભય બનવા ધર્મકથા તથા ભજનો દ્વારા સમજાવવા લાગ્યા.

ભગત રાતે કથાવાર્તા મધુર અને દિલમાં ઊતરી જાય એવી વાણીમાં કરતા. ઘણાં ભાવિકો ભેગાં થતાં. ભજનની પણ રમઝટ જામતી, આમ, ભગતજી લોકોને

ભક્તિમાર્ગે વાળવા પ્રયત્ન કરતા. ગીતાજીનું પુસ્તક હસ્તલિખિત રાખતા.

ભગતજી હનુમાનજીના પરમ ભક્ત હતા. આવા હનુમાનભક્ત ભગતજીએ લોકોને નીડર બનાવ્યા અને ગામમાંથી ભૂતપ્રેતના વહેમોને દેશવટો આપ્યો.

ભગતજીએ ચાળીસ વર્ષની ઉંમર પછી ઘરસંસાર માંડ્યો હતો. સૂબેદાર અન્નાસાહેબ ભગતજી તરફ આકર્ષાયા હતા. ભગતજીના નિઃસ્પૃહીપણાથી અને દૃઢ જ્ઞાનભક્તિથી રાજી થઈ અન્નાસાહેબે હાલ ખડકી વગેરે છે, એ જગ્યા ભગતજીને બક્ષિસમાં આપેલી. અહીં ભગતજી સાદું ઘર બાંધીને રહેલા.

ભગતજીનાં ધર્મપત્ની પણ સાધુચરિત હતાં. તેમને ઘરનો કારભાર સોંપીને ભગતજી એકાંત માટે દૂર નદી તરફના રસ્તે ફર્યા કરતા.

ભગતજીને ચાર દીકરાઓ હતા. રણછોડદાસ, ભૂરાભાઈ, પુરુષોત્તમદાસ અને છોટુભાઈ.

પુરુષોત્તમદાસ એટલે પૂજ્ય બાપજીનો જન્મ ઈ.સ. ૧૮૫૪માં એટલે સંવત ૧૯૧૧માં જન્માષ્ટમીના પાવનકારી દિવસે રાતે બાર વાગ્યે થયો હતો. આ પણ કેવો સુયોગ કહેવાય ! ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ પણ જન્માષ્ટમીની રાતે બાર વાગ્યે થયો હતો.

નાનપણથી જ બાપજી પિતાની માફક ભક્તિ તરફ વળેલા હતા. એમનો કંઠ બહુ મધુર હતો. એમાંય

બાળકંઠે ગવાતાં ભજનો સૌ ભક્તજનોને ભક્તિભાવથી તરબોળ કરી દેતાં.

એવામાં કુટુંબ પર આફતનાં વાદળાં ઘેરાઈ ગયાં. બાપજી પાંચેક વર્ષના હતા, ત્યાં તો ભગતજી અચાનક અવસાન પામ્યા !

માતાનું અવસાન બાપજી ચૌદ વર્ષના હતા, ત્યારે થયું. અવસાનની વેળા પણ માતા છેલ્લે દિવસે કળી ગયાં હતાં. તે વખતે ફક્ત બાપજી જ માતા પાસે હતા.

બીકથી પુરુષોત્તમ ગભરાઈ ન જાય, એ માટે માતાએ એમને વાત કરી ન હતી. રાતે માતાએ દીકરાને કહ્યું,

'દીકરા, તું ઓસરીમાં સૂઈ જા. બોલાવું ત્યારે ઘરમાં આવજે.'

માતા પરોઢિયે ચાર વાગ્યે જાગ્યાં. માતાએ નાનકડા પુરુષોત્તમને જગાડ્યો નહિ. એકલો બિચારો બીકનો માર્યો કંપી ઊઠશે, એમ માતાએ માન્યું. બાજુમાં સોનીનું ઘર હતું. માતાએ વાડામાં જઈને પડોશણને હાક મારીને જગાડી અને કહ્યું,

'હું જાઉં છું. મારા પુરુષોત્તમની ભાળ લેજો.'

એટલું કહીને માથાના વાળ છૂટા મૂકી માતાએ ઠંડા પાણીએ સ્નાન કર્યું. પછી શાંતિથી ચિરનિદ્રામાં માતા પોઢી ગયાં !

•

॥ હરિઃૐ ॥

(૨)

## ભગવત્પ્રેમી બાપજી

માતાજીના અવસાન પછી પુરુષોત્તમ ભગતજીના ભાઈઓએ મિલકતની વહેંચણી કરી. બાપજી તો પહેલેથી વિરક્ત જેવા એટલે વહેંચણીમાં રસ ન લીધો. બાપજીના ભાગમાં ઘરનો અમુક ભાગ આવ્યો. ઘરને સારું બનાવવા એમના મોટા ભાઈ રણછોડદાસે પૈસા ધીર્યા હતા. પાંચ વર્ષની મુદત અને અમુક વ્યાજ, પણ રણછોડદાસ સંસારી જીવ. પાંચ વર્ષ થયાં ન થયાં, ત્યાં તેણે વારે વારે તકાદો કરવા માંડ્યો. બાપજી પાસે એટલા પૈસા ક્યાંથી હોય ?

છેવટે મોટા ભાઈના ત્રાસમાંથી છૂટવા બાપજી ગોધરા છોડીને મહુધા રહેવા જતા રહ્યા. મહુધા દસેક વર્ષ તેઓ રહ્યા પછી સગાંવહાલાંના સમજાવવાથી પાછા ગોધરા આવીને રહ્યા.

બાપજી કુંભારકામ કરતા. કુટુંબનો એ વ્યવસાય હતો. બાપજી વગડે જઈને માટી લઈ આવે, તળાવેથી પાણી લાવે, માટી બરોબર ગૂંદે અને ચાક પર ચઢાવે. જાતજાતના ઘાટ ઉતારે. કુંજા, માટલાં, ચલમ વગેરે ઘાટ ઘડે. બાપજી હાથઘડીઆ કહેવાતા. ઘાટ બહુ ઉમદા બનાવતા.

બાપજી, આમ કામ કરે પણ હૈયામાં તો 'મારો રામ' રમતો હોય. માટી ગૂંદતાં ગૂંદતાં ભજન ગણગણતા હોય. એ વખતે મહારાષ્ટ્રના સંતભક્ત ગોરા કુંભારનું સ્મરણ થયા વિના ન રહે.

બાપજીને આખો દિવસ કામ, કામ ને કામ. ઘાટ ઘડીને મૂક્યા, એટલે બીજું કામ ઊભું જ હોય. માટલાં વગેરે પકવવાં, ભઠ્ઠી સળગાવવી, લાકડાં લઈ આવવાં, નિભાડો ખડકવો વગેરે કેટલાંય કામ કરવાં પડે. ત્યારે માંડ માંડ ગુજરાન જેટલું મળે.

એમાં વળી, સાધુસંતો, જતિ, ફકીર, બાવા વગેરેનો ભાગ હોય જ. બાપજી સાધુંસતજનોના પ્રેમી હતા. એમને આંગણે આવેલા સાધુજનોને તે આવકારે, જમાડે અને સેવા કરે. એમાં બાપજીને ખૂબ આનંદ થાય.

સંત તુલસીદાસજીએ નવધા ભક્તિનું* વર્ણન કર્યું છે. એમાં પહેલી ભક્તિ સાધુસંતની સેવા કહી છે.

**'પ્રથમ ભક્તિ સંતન કર સેવા.'**

બાપજી માટીનાં માટલાં વગેરેને ટપલાં મારી મારીને બરોબર ઘાટ ઘડે. પછી તો તેઓ આગળ જતાં એમની

---

* નવધા ભક્તિ : (૧) શ્રવણ ભક્તિ, (૨) કીર્તન ભક્તિ, (૩) સ્મરણ ભક્તિ, (૪) પાદસેવન ભક્તિ, (૫) અચેતન ભક્તિ, (૬) વંદન ભક્તિ, (૭) દાસ્ય ભક્તિ, (૮) સાંખ્ય ભક્તિ, (૯) આત્મનિવેદન ભક્તિ.

પાસે આવનાર સંસારીજનોના જીવનને પણ પ્રેમથી ટપલાં મારી એમના જીવનનું ઘડતર કરવા લાગ્યા.

સાંજે બાપજી ભજનકીર્તન પણ કરતા. ધર્મકથા કહેવાની રીત પણ તેમની અનોખી. બાપજી ત્રણેક ચોપડી જ ભણેલા. એટલે સંસ્કૃતનો તો પરિચય જ શાનો હોય ? પણ તેઓ પોતાની કોઠાસૂઝથી આધ્યાત્મિક જ્ઞાન પામ્યા હતા. એમનાં દૃષ્ટાંતો પણ ઘણાં જ સરળ અને હૃદયંગમ હતાં. એમનાં વાર્તાલાપ અને સરળ ઘરગથ્થુ દૃષ્ટાંતો સાંભળીને આપણને શ્રીરામકૃષ્ણ પરમહંસનું સ્મરણ થયા વિના ન રહે.

બાપજી, પિતાની માફક હનુમાનજીના પરમ ભક્ત હતા, પણ વધારામાં ભક્ત પ્રહ્‌લાદને ઉગારનાર ભગવાન નરસિંહના પરમ ઉપાસક હતા.

•

॥ હરિઃૐ ॥

(૩)

## સદ્‌ગુરુ સમાગમ

બાપજી કુંભારનું કામ કરતા હતા. કુંભારકામ કરતાં કરતાં એમનો માંહ્યલો વિચાર કરતો હશે.

'હું જે માટીના લોંદામાંથી સરસ ઘાટ ઘડું છું, એમ મારા આ માટી જેવા જીવનને આધ્યાત્મિક ચાકડા પર ચડાવનારો કોઈ ગુરુ મળી જાય, તો મારું જીવન સાર્થક થાય.'

આવા વિચારો બાપજીના મનમાં ઊઠતા હશે.

એક જાણીતો દુહો છેને–

**'ગુરુ કુમ્હાર ઔર શિષ્ય કુંભ હૈ,**
**ઘટ ઘટ કાઢે ખોટ,**
**અંતર હાથ સંહાર દેત,**
**ઔર બાહર મારે ચોટ.'**

–'ગુરુ કુંભાર અને શિષ્ય માટીના ઘડા જેવો છે. કુંભાર જેમ ઘડો ઘડતી વખતે, ઘડાને સુરેખ ઘાટ અને આકાર સાંપડે અને એની સપાટી સુંવાળી બને એ માટે, બહારના હાથથી ઘડા પર વારંવાર ટપલી મારતો રહે છે, પરંતુ અંદરના હાથથી તો ઘડાને પંપાળતો જ રહે છે.' તેમ ગુરુ ઉપર ઉપરથી તો શિષ્યની ક્ષતિઓ અને દોષો પ્રત્યે શિષ્યનું વારંવાર લક્ષ ખેંચતા રહે છે, પરંતુ

એમના અંતરમાં તો શિષ્ય માટે નર્યો પ્રેમ અને કારુણ્ય જ ભર્યાં હોય છે.

આવા ભાવથી બાપજી સદ્‌ગુરુના સમાગમની રાહ જોયા કરતા. પોતાનું કુંભારકામ કરતાં કરતાં તે ભજનો ગાતા, પ્રભુસ્મરણ કરતા અને પ્રભુભાવમાં મગ્ન રહેતા. કહ્યું છેને-

*'સંસારમાં સરસો રહે ને મન સદા હરિ પાસ.'* એવી સ્થિતિમાં બાપજી રહેતા.

બાપજીનું ઘર ધર્મશાળાની નજીક જ, એટલે ધર્મશાળામાં ઉતારો કરતા સાધુસંતોની બાપજી સેવા કરતા. ઘરની આર્થિક સ્થિતિ નબળી, છતાં પોતાની સ્થિતિ પ્રમાણે સાધુસંતોને જમાડતા. ભજનકીર્તનમાં જતા. તેમના મનમાં આ વાત નજર સમક્ષ હંમેશ રહેતી કે,

*'ના જાને કછુ વેશ મેં નારાયણ મિલ જાય.'* ભગવાન કયો વેશ લઈને બારણે આવીને ઊભા રહે, એ કોણ જાણે? એટલે તે ભક્તિભાવે સાધુસંતોની નિષ્ઠાથી સેવા કરતા.

એકવાર એક ઓલિયા બાપજીને ત્યાં આવી ચડ્યા. સંતજી અવધૂત દશામાં વિચરતા. કેડે દોરડું બાંધે, એક કૌપિન જેવું વસ્ત્ર કદી વીંટે. કોઈ વાર દિગંબર ! એવી અલૌકિક મસ્તમૂર્તિ. શરીરે પુષ્ટ, હાથમાં ગોળના માટલાની ઠીબ લઈને વિચરે. રાતે સ્મશાનમાં પડી રહે.

ગામમાં ફરતાં ફરતાં કોઈ પાસે ભિક્ષા માંગે, તો એ ફક્ત બાપજીને ત્યાં જ. બારણે આવીને ટહેલ નાંખે,

'પુરુષોત્તમ, કુછ ભી દે, દે ! કલ્યાણ હોગા.'

બાપજીને ત્યાં શું હોય ? રોટલા ને છાશ ભાવથી ધરી દે. સંતજી પૂર્ણ સંતોષથી બટકું ખાઈ લે.

સંતજી અવધૂત દશામાં ગામમાં રખડે. લોકો જે આપે, તે ખાયા જ કરે. કૂતરાંનું ટોળું એમની સાથે જ હોય. પોતે ખાતા જાય અને કૂતરાંને પણ ભેગું ઠીબમાં જ ખવડાવે ! ખવડાવતાં ખવડાતાં સંતજી કહેતા જાય :

'ખાઓ, બાપા ! ખાઓ.'

સંતજીને મન માટી, પથ્થર, સોનું બધું જ સરખું. એક જણે એકવાર સંતજીની કસોટી કરવા એમની આગળ ચારેક તોલા સોનાની લગડી ધરી અને એ સ્વીકારવા વિનંતી કરી.

સંત ઓલિયા એ લગડી પર થૂંક્યા અને બોલ્યા, 'થૂ એવી વસ્તુ પર !'

આવા નિઃસ્પૃહી, નિર્લેપ હતા સંતજી.

સંતજી મહાજ્ઞાની હતા. પોતાનું નામ પણ ન દે, પૂછે તો ભળતો જ જવાબ આપે. ગામ-ઠામ કશાની તમા હતી જ નહિ. સદા મસ્તીમાં રહે. એમની મોજે મોજ કરી લો. આપણને પળ સાચવતાં આવડે તો બસ. તમને કોઈ પણ રીતે ઉપયોગી થઈ શકાય, એવો ભાવ હૃદયમાં જાગવો જોઈએ. એ જ એમની કૃપા મેળવવાનો ઉપાય. છેવટે તો સંતજીનો પ્રભાવ જ અસર કરે.

બાપજીમાં એવી સૂઝ અને ગુરુભક્તિ હતી. રાતે તો સંતજી સ્મશાનમાં રહે. બાપજી રોટલા વગેરે લઈ રાતે બાર વાગ્યા પછી સ્મશાનમાં પહોંચી જાય. આમ, કેટલોક વખત ચાલ્યું.

બાપજીને એકવાર સદ્‌ગુરુએ ચમત્કાર દેખાડ્યો. બાપજીની નિર્ભયતાની કસોટી કરવા સંતજીએ પાંચ-સાત વાઘ છોડી મૂક્યા. બાપજી પોતાની ધૂનમાં ને ધૂનમાં સ્મશાન ભણી જતા હતા. ત્યાં તો એમની તરફ ત્રાડ પાડતા ધસી આવતા વાઘ જોયા !

ત્યાં તો સ્મશાનમાંથી સંતજીએ બૂમ પાડી :

'પુરુષોત્તમ, ચલે આ. ગભરાના નહિ. ઓ કુત્તા ક્યા કરેગા ? ચલે આ બચ્ચા !'

બાપજી નિર્ભયપણે વાઘનાં ટોળાં પાસેથી પસાર થયા અને ગુરુમહારાજની પાસે પહોંચી ગયા. ગુરુજીને ભક્તિભાવે પ્રણામ કરી, હાથપગ દબાવી, રોટલા ને છાશ એમની આગળ ધરી દીધાં. ગુરુમહારાજ આરોગી ગયા.

આમ, ઘણા દિવસ પસાર થઈ ગયા. ગુરુમહારાજ બાપજીને સાધનામાર્ગે દોરતા ગયા. એ સાધના વિશે બાપજીએ જાહેરમાં કશું કોઈને કહ્યું નથી. આ બાબતમાં તેમણે મૌન સેવ્યું હતું.

છેવટે જતાં જતાં સંતજીએ બાપજીના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. ગુરુજીએ એમનામાં દિવ્ય

શક્તિનું આરોપણ કર્યું. તે જ વેળાથી બાપજીમાં રૂપાંતર થયેલું એમણે અનુભવ્યું.

તે વખતે બાપજીની ઉંમર એકવીસ વર્ષની હતી. ત્યાર બાદ એકત્રીસ વર્ષ સુધી તેમણે ગુપ્ત રહી એ અનુભવ ખૂબ ઘૂંટ્યો. આમ, બાપજી બાવન વર્ષ સુધી છદ્મ વેશે રહ્યા. તેમની રહેણીકરણી સામાન્ય ગૃહસ્થ જેવી જ રહી. ભૂલથી પણ કદી જ્ઞાનની વાત કરતા નહિ. પણ ગુપ્ત રીતે, જે જે તેમની પાસે આવતા એ સર્વને, બાપજી સહાય કરતા. આ વાતની સામાને જાણ પણ થતી નહિ.

વળી, બાપજીએ બીજાં સંતોનાં પણ પડખાં સેવ્યાં હતાં. કંઈક જ્ઞાનનો ભાગ તેમાંથી પ્રાપ્ત થયો હોય.

મહુધાથી નડિયાદ નજીક. એટલે બાપજી કોઈ કોઈ વાર નડિયાદ જતા. ત્યાં પ્રણામીનું મંદિર છે. બિહારીદાસજી એ મંદિરના મહંત હતા. તેમને પણ બાપજીએ ગુરુ કર્યા હતા. 'છોટમની વાણી'ના કર્તા કવિ છોટમજી અને બિહારીદાસજી બન્ને ગુરુભાઈઓ હતા. એક જ ગુરુના શિષ્ય હતા. એટલે છોટમજીના પ્રસંગમાં પણ બાપજી આવેલા અને તેમની છાયાનો અંશ પણ બાપજીમાં હોય.

વળી, નડિયાદમાં કુબેરદાસજીનું મંદિર પણ છે. કુબેરદાસજી સંત તરીકે ગુજરાતમાં જાણીતા થયા હતા. તેમનાં દર્શને પણ બાપજી જતા.

એક વેળા ગોધરામાં પડોશની ધર્મશાળામાં બે સંતપુરુષ પધારેલા. એમાંના એક તો સિદ્ધ જ હતા.

બાપજી તેમને પોતાને ત્યાં લઈ આવેલા. તેમની સેવાચાકરી ભક્તિભાવે કરી હતી. આઠેક દિવસ સંતજી રહ્યા હતા. જતી વેળાએ પ્રસન્ન થઈ સંતજીએ બાપજીને કંઈ પણ માંગવા કહ્યું.

'ભગતજી, કંઈ પણ માંગ. જે માંગશે તે મળશે.'

બાપજી તો છેક જ નિઃસ્પૃહી. તેમને મન માગવું અને મરવું સરખું. કબીરજી કહી ગયા તેમ–

*'ક્યા માંગું મેરે રામ, થોડે જીવન મેં ક્યા માંગું ?'*

એમ બાપજી તો ઈચ્છાબીજ જ બાળીને બેઠેલા. બાપજીએ હાથ જોડીને નમ્રભાવે કહ્યું :

'મહારાજ, કશી ઈચ્છા નથી. આપની કૃપા છે એ જ બસ છે.'

પણ સંતજી તો કહે,

'નહિ, નહિ. એક વખત માંગ. આવો અવસર પાછો નહિ આવે.'

આમ, ત્રણ ત્રણ વખત સવાલ કર્યો.

બાપજી બોલ્યા :

'મહારાજ, આપનાં દર્શનથી કૃતાર્થ થયો. પ્રભુ, આપની કૃપા છે, તો બાકી શું રહ્યું ? આપ તો પરમ દયાળુ છો.'

એમ કહી પગે લાગી પગ દબાવવા લાગ્યા.

છેવટે સંતજી પ્રસન્નવદને આશીર્વાદ આપી ચાલતા થયા. ત્યાંથી ક્યાં ગયા, પત્તો જ નહિ ! બાપજી બહાર આવીને આમતેમ જુએ છે તો કોઈ મળે જ નહિ !

જ્ઞાનદીક્ષા પ્રાપ્ત થયા પછી બાપજી ચારેક વાર ઘર છોડીને થોડો થોડો વખત દૂર એકાંતમાં જઈને સાધના કરવા ગયા હતા. હરિદ્વાર, હૃષીકેશ, પ્રયાગ, ગોકુળ-મથુરા, વૃંદાવન, દ્વારકા વગેરે તીર્થધામોની એ દરમ્યાન તેમણે યાત્રા કરી હતી.

•

॥ હરિઃૐ ॥

(૪)

# બાપજીનો કસોટીરૂપ ઘરસંસાર

અહીં આપણે બાપજીના ઘરસંસારમાં આદરપૂર્વક ડોકિયું કરીએ.

સંતપુરુષનું જીવન તો એક ભક્તજને ગાયું છે એમ –

*'અકલ કલા ખેલત ગુરુ જ્ઞાની.'*

જેવું સામાન્ય જનને ન સમજાય એવું ગહન હોય છે. એનું ગૂઢ રહસ્ય સમજવા માટે આધ્યાત્મિક સૂઝ, સમજ અને વિવેકની જરૂર રહે છે.

સામાન્ય સંસારી માણસનો સંસાર અને અભેદ માર્ગના પ્રવાસી સમા સંતોનો સંસાર એ બેમાં મોટો તફાવત હોય છે.

સંતપુરુષની આધ્યાત્મિક પ્રતિભાથી પ્રેરાઈને સત્સંગીઓ, ભક્તજનો, શ્રેયાર્થીજનો સંત પાસે આવતા હોય છે, તેમના તરફ ભક્તિભાવ બતાવતા હોય છે, તેમનો પડ્યો બોલ ઝીલવા સદા તત્પર હોય છે, તેમની સેવા કરવા સદાસર્વદા હાજરાહજૂર રહે છે. આમ, અનેક પ્રકારે ભક્તજનો સંતપુરુષને સાનુકૂળ થઈને રહે છે.

સત્સંગીઓ સંતપુરુષને બધી રીતે જ સરળતા કરી આપી દુન્યવી રીતે જોતાં હોય છે. એટલે સંતજીમાં રહેલા કેટલાક ઉચ્ચતમ ગુણોનું દર્શન સમાજને થતું નથી.

પરંતુ ઘરસંસાર જ એક એવો આશ્રમ છે કે જ્યાં સંતપુરુષની કસોટી થતી હોય છે. કેટલાક સંતોના જીવનમાં એમનાં ધર્મપત્નીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ધર્મપત્ની પોતાના સ્વભાવ અનુસાર સંતપુરુષને સાનુકૂળ વર્તતી ન હોય અથવા એમની જીવનસાધનામાં બાધા રૂપ બનતી હોય વગરે વિષમતાઓ કેટલાય સંતોના જીવનમાં જોવા મળે છે. એ પ્રતિકૂળ અવસ્થામાં સંતપુરુષ કેવી શાંતિ, ઉદારતા, ધીરજ, સહાનુભૂતિ, પ્રેમાળપણું, વિનમ્રતા, સ્વસ્થતા, અક્રોધવૃત્તિ વગેરે રાખી શકે છે, એ જ એમના સંતત્વની કસોટી છે.

એટલે સંસારી જનોને આવા સંતપુરુષનું આવું વિષમ જીવન જોઈને સંતજીની દયા જ આવે, જ્યારે સંતપુરુષ તો સહજભાવે અંદરથી એ સ્થિતિને શાંતિથી અને પ્રેમથી આવકારતા હોય છે અને સામી વ્યક્તિ પ્રત્યે અંતરનો સદ્ભાવ જ સેવતા હોય છે.

એટલે તો **ગૃહસ્થાશ્રમમાં રહીને કરેલી સાધનાને જ અધ્યાત્મમાં મહત્ત્વની ગણેલી છે.** અસ્તુ.

બાપજી લગભગ ચૌદ વર્ષના હતા, ત્યારે તેમનાં કુટુંબીજનોએ તેમનું લગ્ન કરેલું. તેમનાં ધર્મપત્ની જમનાબા તેમનાથી બે વર્ષ નાનાં હતાં. બાપજીએ ઘરસંસાર માંડ્યો, ત્યારથી જ તેમના જીવનમાં કપરી કસોટીનો આરંભ થઈ ગયો, તે એમના અંતકાળ સુધી

ચાલ્યો. એમાં બાપજી પ્રભુકૃપાથી પાર ઊતર્યા અને સંતપણું દીપાવ્યું.

આમ જોઈએ તો સંસારમાં ઘણાંખરાંનું જીવન અસમાન હોય છે. પતિ યા પત્ની એકબીજાને પ્રતિકૂળ જ વર્તતાં હોય. એટલે એવાં સંસારીજનોના જીવનમાં કંકાસ, અસુખ વગેરે જોવા મળે છે અને એ બધું ઘરખૂણે ચાલ્યા કરતું હોય છે. કોઈ બહારનું આવે તો સારો દેખાવ કરીને સમય સાચવી લે. એટલે સામા માણસને એની કશી જાણ ન થાય. થાય તો બેમાં વાંક કોનો એ નક્કી કરાય નહિ.

જ્યારે સંતપુરુષના જીવનમાં એવું હોતું નથી. **સંત તો ઉદારતાથી એ વિષમતા, શાંતિથી સહી લેતા હોય છે. જે પ્રારબ્ધવશ નિર્માયું હોય, એ સહીને એ પ્રારબ્ધને ભોગવી લેવાનું જ તે કરતા હોય છે. એની સામે થઈને પ્રારબ્ધને ફરી પાછા વધારવા તે ઈચ્છતા હોતા નથી.**

આવું જ બાપજીના જીવનમાં જોવા મળે છે. તેઓ તો માનતા હતા કે,

'સંસાર પૂર્ણ પાર ઉતારવો, એ જ સિદ્ધાંત દૃઢ રાખી દરેક કાર્યમાં પૂર્ણ રહ્યા કરવું. બન્ને ત્રાજવામાં સરખા પગ રાખવા. સંસારમાં સરખું રહેવું અને પરમાત્મ-માર્ગમાં પણ સરખા રહેવું.'

બાપજી પોતે તો *'સંસારસુ સરસો રહે'* તેમ રહી દેખાડતા. કોઈને ઉપરનો ખોટો ત્યાગ કરવા કદી કહેતા નહિ. બાપજી તો કહેતા :

*'સંત દિશાસેં હોત હૈ, સ્વાંગે સંત ન હોય.'*

'સંતની દિશાએ ચાલવાથી સંત થવાય. ઉપરનાં

ભગવાં અથવા તેવા દેખવાથી સંત ન થવાય.’

જમનાબાનો વિચાર કરીએ તો દુનિયાદારીની બીજી સામાન્ય સ્ત્રી જેવાં જ તે હતાં, પણ બાપજી જેવા સંતની જોડે સરખાવતાં વિરોધાભાસ ઉપર તરી આવતો હતો. સંતનાં ધર્મપત્ની તરીકે જોતાં તેમનું વર્તન સંતને ત્યાં છાજે એવું ન હતું. જમનાબા સંસારી માણસ હતાં. એમને મન સગાંવહાલાં, સાંસારિક ઠાઠમાઠ, કીર્તિ, પૈસા એ બધું સર્વસ્વ હતું. બાપજી જેવા સિદ્ધ સંતનો ઘરમાં જ ચોવીસે કલાકનો સહવાસ, છતાં જમનાબા કોરાંનાં કોરાં જ રહ્યાં !

બાપજી તો ભગવાનનું માણસ હતા. એમના અતિ ઉદાર નિર્મળ હૃદયમાં તો સૌ સરખાં. માન આપે કે અપમાન કરે, પૂજે કે અવગણે, એ બધું જ એમને સરખું. નાનકદેવે કહ્યું છેને –

*‘સાધો મનકા માન ત્યાગો.*
*સુખ-દુ:ખ દોનોં સમ કરિ જાનૈ,*
*ઔર માન અપમાના,*
*હર્ષ શોક તે રહૈ અતીતા,*
*તિન જગ તત્ત્વ પિછાના.*
*અસ્તુતિ નિંદા દોઊ ત્યાગે,*
*ખોજૈ પદ નિરવાના.’*

આવા હતા બાપજી. તેમનું મહાસૂત્ર જ હતું કે-

'જોયા કરો. કશાનું નિમિત્ત લેતા જ નહિ.'
અખા ભગતે કહ્યું છેને -
*'થનાર હોય તે સહેજે સહેજે થાય.'*

'એમ જે થવાનું હોય તે થવાનું. તે કોણ મિથ્યા કરવાનું? તો ફોગટ બીવું શા માટે ?'

એટલે બાપજી, જમનાબાનાં તીખાં મહેણાં, ટોણાં, રિસામણાં અને છણકા બધું શાંતિથી સહન કર્યે જતા હતા. એમનું મૌન ભારે. એક પણ દિવસે તેમણે જમનાબાને ઊંચે સાદે કહ્યું નથી, એમને કશી શીખ આપી નથી, એમના તરફ અણગમો દાખવ્યો નથી. બધું સંસારનું ઝેર શિવજીની માફક પચાવી જતા, પણ અહીં શિવજીની આ વાત ધ્યાનમાં રાખવા જેવી છે. શિવજીએ હળાહળ ઝેર પીધું ખરું, પણ ઝેરને કંઠમાં રાખ્યું, હૃદય સુધી જવા ન દીધું. એમ બાપજીએ પણ આ બધી જંજાળનું ઝેર કંઠ સુધી જ રાખ્યું, હૃદયમાં સંઘર્યું જ નહિ. એટલે બાપજીએ જમનાબા પ્રત્યેના ભાવમાં જરાયે કચાશ આવવા ન દીધી. હૈયાની કુમાશ એવી ને એવી જાળવી રાખી.

બાપજીનું કરુણામય હૃદય વિચારતું કે જમનાબા સામાન્ય કુંભાર કુટુંબમાં જન્મ્યાં છે, ઘરમાં સંસ્કાર આપનાર કોઈ નહિ, કશું ભણેલાં પણ નહિ અને સ્વભાવ પણ આપખુદ અને સ્વમાની. એટલે એવાં જમનાબા પાસે

શાની આશા રખાય ? ભગવાને જે ધાર્યું હશે તે થવા દો. **પ્રારબ્ધકર્મ આ રીતે ભોગવી લેવાં. નકામી ચડભડ કરવાથી એમાં ઊલટી વૃદ્ધિ થાય.** એટલે જમનાબા ભલે સત્સંગીઓની વચ્ચે બાપજીને અવગણે કે અણછાજતું વર્તન કરે, તોયે બાપજી મોટું મન રાખી બધું સહી લેતા હતા.

બાપજીએ પતિપણું કદી દાખવ્યું નથી. એનામાં પણ પ્રગટ આત્મા છે, એમ જાણી બાપજી એને જરા પણ દુભાવતા નહિ. એની મરજી પ્રમાણે ચાલવા દેવામાં જ સંતોષ માનેલો. કોઈ નિકટનો સત્સંગી આ બાબતમાં પૂછે તો બાપજી કહેતા,

'કેટલા કાળ કાઢવા છે ? અને શા સારુ ? એને ફાવે એમ ભલે કરે.'

ભલા બાપજીએ જમનાબાની કદી અવગણના કરી નથી. પોતે જ્યાં જ્યાં સત્સંગમાં જાય, ત્યાં ત્યાં જમનાબાને સાથે ને સાથે જ રાખતા. તે રાજી રહે એટલે બસ એમ કહેતા. બાપજી તો સત્સંગીઓને કહેતા,

'હું તો સદા રાજી છું. એમને રાજી કરો.'

આવા હતા બાપજી !

સંતમહારાજના સમાગમ પછી બાપજીને બે પુત્રો થયેલા. પણ મોટો બાર વર્ષે અને નાનો સાત વર્ષે ગુજરી ગયેલો.

•

॥ હરિઃૐ ॥

## (૫)

## માજી પુરાણ !

અહીં ક્રમદોષ વહોરી લઈને પણ બાપજીના ઘર-સંસારના કેટલાક પ્રસંગો જોઈ જઈએ. એ અંગે કશું વિવરણ કરવાનું રાખ્યું નથી. એ પ્રસંગો જ ઘણું બધું કહી જાય છે અને આપણા દિલને સંમાર્જિત કરી જાય છે. સંત કબીરજીએ એક ભજનમાં સંસારનું વર્ણન કર્યું છે, એનું અહીં સ્મરણ થઈ આવે છે :

'યહ સંસાર કાઁટે કી બાડી,<br>
ઊલઝ ઊલઝ મરિ જાના હૈ.<br>
યહ સંસાર ઝાડ ઓર ઝાંખર,<br>
આગ લગે બરિ જાના હૈ.'

પણ આપણા બાપજી કેવા નિર્લેપ રહી સંસારના કપરા ઘા ઝીલી લેતા હતા અને મનની સ્વસ્થતા જાળવતા હતા, એ આ પ્રસંગો પરથી જોવા મળે છે.

(૧)

બાપજી હજી જાહેરમાં આવ્યા ન હતા, ત્યારની આ વાત છે.

બાપજી કુંભારકામ કરતા. આખો દિવસ સખત મહેનત કરતા, ત્યારે માંડ માંડ રોટલા જેટલું કમાતા.

ઘરમાં જમનાબાની કટકટ ચાલતી જ હોય. છતાં

કોઈ કોઈ વાર બાપજી એમની દયા ખાઈ એમને ખાવા કરવાના કામમાં મદદ કરવા લાગતા.

કોઈ વાર જમનાબા મેડેથી બૂમ પાડે,

'જરા પાણીનો ઘડો મેડે આપી જાઓને !'

એટલે બાપજી કૂવેથી પાણી ભરી, ઘડો મેડે આપી આવતા.

કોઈ વાર બાપજી એંઠાં વાસણ પણ માંજવા બેસી જતા.

આમ તો એકવીસમા વર્ષે બાપજીને આધ્યાત્મિક સાધનામાં સંતમહારાજે શક્તિપ્રદાન કર્યું હતું ખરું, પરંતુ પોતે નમ્ર ભાવે સામાન્ય સંસારી જેમ બહારથી રહેતા હતા. અંદરથી તો ભગવદ્‌ભાવમાં જ મગ્ન રહેતા.

પણ જમનાબા એમને પામી શક્યાં ન હતાં. છેવટ લગી એવાં જ રહ્યાં !

આમ તો જમનાબા બાપજીને કુંભારકામમાં મદદ કરતાં ખરાં. સવારે માટી પલાળતાં, ગધેડાંને ચારો નીરતાં વગરે કામમાં લાગી જતાં.

પણ દિવસમાં કોઈ કોઈ વાર જમનાબાનો મિજાજ છટકી જતો ! આમ, કર્યાં-કારવ્યા ઉપર પાણી ફેરવી દેતાં !

(૨)

જ્યારે સત્સંગીઓની સંખ્યા વધતી ગઈ, ત્યારે તેઓ પોતાના નિવાસસ્થાને બાપજીને પધારવા આગ્રહ કરવા

લાગ્યા. એમાં પ્રભુનો સંકેત માની બાપજી બહારગામ જવા લાગ્યા. મુંબઈ, પારડી નજીક વાઘછીપા ગામ, વલસાડ, સુરત, નડિયાદ અને અમદાવાદ વગેરે સ્થળે બાપજી જવા લાગ્યા.

બાપજી હોય ત્યાં જમનાબા તો હોય જ. બાપજી પણ મન મોટું રાખી એમને સાથે લઈ જતા.

સત્સંગીઓ માજીની પણ એટલી જ ચીવટથી સારસંભાળ રાખતા. સત્સંગ કે ભજનકીર્તન વેળાએ બાપજી માટે બેસવાને ગાદીતકિયાની સગવડ થતી, એ મુજબ જ માજીની પણ ભક્તો સગવડ કરતા. પણ માજીને આ વ્યવહાર-વિવેકનો ખ્યાલ આવતો નહિ. તે તો પોતાને પણ બાપજીના જેવાં જ્ઞાની અને પૂજ્ય માનવા લાગ્યાં !

ભક્તજનો બાપજીને પગે લાગે કે તેમની પૂજા કરે. માજી પણ એવી જ ઈચ્છા રાખતાં. ભક્તજનો એ સમજી જતા, એટલે તેઓ માજીને પણ પગે લાગે, તેમની પૂજા કરે, એથી, માજી ફુલાઈને ફાળકો થઈ જાય.

બાપજી આ બધું જુએ ખરા, પણ મૌન સેવતા. ભલા બાપજી બીજું કરે પણ શું ? હશે. જેવી રામજીની મરજી !

બાપજી સત્સંગ કરતા હોય, ભજનનો ભાવ સમજાવતા હોય, ત્યાં તો બાજુમાં ગાદી પર વિરાજેલાં

'ભક્તાણી' વચમાં પોતાનું ડહાપણ ડહોળવા મંડી પડતાં અને સમજાવવા લાગી જતાં !

સત્સંગમાં આમ ભંગ પડતાં ભક્તજનો મનમાં અકળાઈ જતાં. પણ બાપજીનું માન રાખી ભક્તાણીની વાણી શાંતિથી સાંભળ્યા કરે. બાપજી આ જુએ, પણ મર્યાદાશીલ બાપજી માજીને ઈશારો સુધ્ધાં ન કરે.

ભક્તોના નિવાસસ્થાને બાપજી માટેના ઓરડામાં ગાદીતકિયો અને પથારી ગોઠવેલાં હોય. માજી માટે અલગ ઓરડામાં વ્યવસ્થા કરેલી હોય.

પણ માજી એ ચલાવી ન લેતાં. જઈને બાપજીની ગાદી પર બેસી જાય અથવા ઊંઘી જાય ! કોઈ વાર બાપજી માટેની પથારી પર જ સૂઈ જાય !

બાપજી આવીને આ જુએ. તેમના ઊઠવાની થોડી વાર રાહ જુએ, પણ માજી શાનાં ઊઠે ? એટલે બાપજી નીચે બેસવાની ગાદી હોય ત્યાં સૂઈ જાય.

ભક્તજનો આ જુએ. બાપજી પણ કરુણાભાવે આવું ચલાવી લે, પણ માજીએ કદાપિ પોતાના પતિદેવ બાપજીની મર્યાદા જાળવી નથી કે તેમનું સન્માન સાચવ્યું નથી. ભક્તજનો પણ માજીનો સ્વભાવ પામી જઈને બહુ જ સાવધ રહેવા પ્રયત્ન કરતા.

(૩)

ભક્તજનો માજીનો આપખુદ સ્વભાવ જાણી ગયાં હતાં. તેમને તો બાપજીનો સત્સંગ યેનકેન પ્રકારે સરળ

રીતે થાય એની જ પડી હતી, પણ માજી વિના એ લાભ પામવો અઘરો છે, એમ ભક્તજનોને અને સત્સંગીઓને ખાતરી થઈ ગઈ હતી.

એનો ઉપાય પણ તેઓએ શોધી કાઢ્યો. માજીને રાજી રાખવાં. માજી રાજી તો બાપજીને પોતાને ત્યાં પધરાવવાનું સરળ થઈ પડે. તેથી, તેઓ માજીને કોઈ પણ હિસાબે રાજી રાખવા પ્રયત્ન કરે. એટલે પોતાને ત્યાં બાપજીને લઈ જવા હોય, તો 'માજી' સાધન સાધવામાં આવતું.

બાપજીની તબિયત છેલ્લાં વર્ષોમાં સારી રહેતી ન હતી. તેથી, બાપજી બહાર જવાનું ઓછું ગોઠવતા, પણ બાપજીને પરાણે માજીની ઈચ્છાએ ખેંચાવું પડતું !

બાપજી પોતે તો પોતાની અર્ધાંગનાને, અર્ધ અંગની જેમ જ જરા પણ જુદાઈ વિના, સર્વ રીતે અનુકૂળ થતા, પણ આ રહેણીની કદર આપણાં માજી શાનાં કરે ? બાપજીએ તો માજી સાથે અણગમાનું સહેજ પણ કારણ પોતે આપ્યું નથી. એ સંયમ, ધીરજ જેવાં તેવાં ન હતાં. બાપજી તો સંતરૂપ સમજથી બધું ચલાવી લેતા અને તે રૂપે ખેલી બતાવતા.

માજી તો પોતાના જ વિચારમાં ગળાડૂબ ! એટલે બાપજીનો વિચાર જ તેમને ક્યાંથી આવે ? બીજી તરફ ભક્તજનો માજીને કોઈ પણ પ્રકારે રાજી રાખી બાપજીને

પોતાને ત્યાં લઈ જવાનો પોતાનો હેતુ પાર પાડવા બધી યુક્તિઓ ગોઠવતા. અહીં એક ઉદાહરણ બસ થશે.

બાપજી અને માજીને ભક્તજનો વલસાડ લઈ જતાં. ત્યાં માજીને ભક્તજનો પોતપોતાને ઘેર લઈ જતાં. સૌ બાપજી પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને માજીને પણ પૂજ્ય ગણતાં. એટલે પોતાને ઘેર પધારેલાં માજીને મીઠાઈ, સેવમમરા, ભૂસું તથા કોઈ વાર શીરો વગેરે ધરાવવામાં આવતું. 'માજી', 'માજી' કરતી સ્ત્રીઓ અને છોકરીઓ માજીના પગ દબાવે, માથામાં તેલ નાખે, વાળ ઓળી આપે, ગરમ મજાનું પાણી કરી સ્નાનની વ્યવસ્થા કરે, કોઈ કોઈ સાડી વગેરે આપે. એટલે માજીને તો લહેર પડી જાય.

બાપજી તો પોતાની અંતરની સ્થિતિમાં ડૂબેલા હોય, એટલે આવી બધી સાંસારિક, માયિક બાબતો તરફ ધ્યાન ન આપે. ભજનકીર્તન, સત્સંગ, ભક્તજનો સાથે આત્મલક્ષી વાર્તાલાપ એવી એવી સત્‌પ્રવૃત્તિમાં રહેવાનું બાપજીને ગમે. તેથી, બાપજી, માજીની આવી બધી સાંસારિક બાબતોમાં માથું ન મારે. માજીની ઈચ્છા પ્રમાણે સાંસારિક કાર્યો ચલાવ્યે રાખતા. એટલે માજીને છૂટો દોર મળી ગયો. કોઈ પણ સ્થળે જવું-આવવું, કોઈ પણ માયિક આપ-લે, વ્યવહાર, વિચારણા બધું એકલાં માજી જ ચલાવતાં.

સમય જતાં માજીનો રુઆબ અને બાહ્યાડંબર ઘણો જ વધી ગયેલો.

(૪)

પારડી નજીક વાઘછીપા નામે ગામ છે. બાપજીને વાઘછીપા જવાનું વધારે ગમતું. ગામનાં બધાં જ સ્ત્રી-પુરુષો ભક્તિશાળી અને ભાવનાવાળાં. એટલે ત્યાં બાપજીને ભજનકીર્તનમાં ખૂબ આનંદ આવતો.

એકવાર ચોમાસાના દિવસોમાં બાપજી વાઘછીપા ગયા હતા. માજી તો સાથે હોય જ.

ગામની જમીન એવી ચીકણી હતી કે પાણી પડ્યું કે ચાલનાર સાચવીને ન ચાલે તો લપસી જ પડે.

ગામમાં જાજરૂની સગવડ નહિ. એટલે બહાર વગડામાં જવું પડે. એક દિવસ માજી શૌચ જવા નીકળ્યાં. ગામની બીજી બાઈઓ એમને સાચવીને લઈ જતી હતી. એક ખેતરની બાજુએ ઠીક જગ્યા બતાવી બાઈઓ દૂર જઈને ઊભી રહી.

પાછાં વળતાં માજી જમીનની ચિકાસને લીધે પગ સાચવીને ન ચાલતાં લપસી પડ્યાં ! કેડને જરા આંચકો લાગેલો.

થઈ રહ્યું ! માજીએ તો બૂમાબૂમ કરવા માંડી. ગામલોકો તરત જ દોડી આવ્યાં. બહુ જ વાગ્યું છે, એમ ઠર્યું, ઊંચકીને ઘરમાં લાવ્યાં. હાથ, પગ વગેરે ધોઈ નાખ્યાં. ઉપચારો ચાલ્યા.

બાપજીને ખબર પડતાં તે પણ આવી પહોંચ્યા.

માજીએ છણકો કરતાં બબડાટ શરૂ કર્યો :

'મૂઉં તમારું વાઘછીપા ! મારે અહીં નથી રહેવું. આખી જિંદગીની ખોડ રહી ! હવે કોઈ દિવસ મટે નહિ એવું વાગ્યું છે. અને અપંગ થઈ ગઈ. જરાયે ચલાતું નથી. મોકાણ મંડાઈ ! રિબાઈ રિબાઈને મરી જઈશ. જરાયે સહેવાતું નથી.'

બાપજી, માજીનો આવો ખોટો ભવાડો જોઈને મનમાં સંકોચ પામ્યા. તેમણે માજીને આશ્વાસન આપતાં શાંતિથી સમજાવતાં કહ્યું,

'શાંતિ રાખો. આમાં બિચારા ભગત લોકો શું કરે ? એમાં તેમનો શો વાંક ? તેઓ તો તારી બને તેટલી સેવાચાકરી કરે છે. એમાં વાઘછીપા ગામનો શો દોષ કાઢે છે ? થવાનું હોય તે થયે જાય. પ્રભુ બેઠો છે. સૌ મટી જશે. થોડા દિવસ ખમી લો.'

માજી ચડભડી ઊઠ્યાં,

'બધું, પ્રભુ છે કરીને ભાન તો મળે નહિ ! એવા ને એવા રહ્યા !'

ભક્તજનો જોઈ રહ્યાં. શું કરે ? તેઓ બિચારાં શિયાવિયા થઈ ગયાં. આનું હવે કરવું શું ? આ તો હંમેશનું સંભારણું રહી જવાનું ! વાઘછીપા નાહક ગવાયા કરશે !

દેશી ઉપચારો, શેક વગેરે ચાલ્યું. ગામડા ગામમાં દાક્તર ક્યાંથી મળે ?

શેક વગેરેથી ઘણો આરામ થયો, પણ મોંઘેરાં માજીનો આ તો મોંઘો મંદવાડ ! એકદમ કંઈ મટે ખરો ? માજીને મટ્યા જેવું લાગતું, છતાં ભારે મોં કરીને કહે,

'લોહી અંદર ગંઠાઈ ગયું છે. ખૂબ પીડા થાય છે. આ તો જિંદગીની ખોડ રહી ગઈ !'

ગરીબ બિચારા ગામજનો દવાદારૂ કે દાક્તર-વૈદ્ય ક્યાં કરવા જાય ?

બાપજીના ખાસ જુવાનિયા ભક્તો મોહનભાઈ અને હરિભાઈને નડિયાદ ખબર મળતાં એ બંને વાઘછીપા આવી પહોંચ્યા. બાપજીને મળી માજીને દિલાસો આપવા ગયા. માજી તો દુઃખને સવાયું બતાવીને કહે,

'ભાઈ, આ તો ભોગ લાગ્યા ! હવે તો જરાયે ચલાતું નથી. અરે, બે જણ ઝાલો, ત્યારે તો ઊભાં થવાય.'

એ અરસામાં ભગવાન નરસિંહજયંતી આવી. બાપજી એ દિવસે ઉત્સવ મનાવતા. જમણ અને રાતે ભજનકીર્તન. દૂધપાક એ ખાસ જમણ તે દિવસનું ઠરેલું જ હતું. જમણની તૈયારીઓ થવા લાગી. ભજન માટે પણ વ્યવસ્થા થવા લાગી.

જમણ વખતે ગામલોકોને થયું-અહીં આપણે બધાં ભોજન કરીએ અને માજી ઘેર રહે એ ઠીક નહિ. એમને સમજાવીને અહીં લાવીએ તો સારું.

ઉત્સવનું સ્થળ બાપજીએ ગામમાં બંધાવેલી ધર્મશાળા હતી. બે ભાઈઓ માજીને સમજાવવા ગયા. સાથે મોહનભાઈ અને હરિભાઈ તથા ઝીણાભાઈ પણ ગયા.

ભાઈઓએ માજીને સમજાવી જોયાં. માજી કહે,

'જાઓ, અહીં ચલાય છે ક્યાં આગળ ? ચલાતું છે નહિ. અને જો ફરીથી લપસી જવાય, તો હું તો મરી જ જાઉં ! આ તમારા વાઘછીપામાં મારી આ દશા થઈ. મારે ત્યાં નથી આવવું. તમે તમારે જાઓ.'

છેવટે હરિભાઈ વગેરેએ બાને સમજાવતાં કહ્યું,

'બા, નીચેથી ગાડીમાં બેસાડીશું અને અહીંથી બહુ જ સાચવીને ગાડી સુધી લઈ જઈશું.'

માજી આમ પીગળે એવાં ન હતાં. એમની પાસે જવાબ તૈયાર જ હતો. તે કહે,

'ગાડીમાં તો ઊંચુંનીચું થાય અને ઊલટી વધારે રિબામણી થાય અને દુખાવો વધી જાય !'

છેવટે ખૂબ સમજાવતાં માજી માન્યાં ખરાં. તે ચાલીને ધર્મશાળા લગી આવ્યાં. હાથમાં લાકડી આપેલી અને પાંચ-સાતનાં કૂંડાળાંમાંથી ધીમે ધીમે મારગ કાઢતાં આવી પહોંચ્યાં.

જયઘોષ અને પગેલાગણાથી ભક્તમંડળે માજીને વધાવી લીધાં. માજીને રાજી કરવા સૌ દિલાસો આપતાં કહે,

'અરર, કેમ કરીને ચલાય ? બા, તમે બહુ જ કૃપા કરી. નહિ તો બધાનું દિલ ખૂબ જ નારાજ થાત. બા, મંડળમાં તમે જ નહિ એ કેવું અજુગતું દેખાય !'

પછી ભક્તમંડળે જયઘોષ કર્યો,

'સદ્‌ગુરુ દેવકી જય !'

(૫)

હવે આપણે માજી પુરાણ સમાપ્ત કરીએ. સ્થળમર્યાદાને લક્ષમાં રાખીને છેવટે એક પ્રસંગ જોઈએ.

છેવટના દિવસોમાં બાપજીને વચ્ચે વચ્ચે લોહીની ઊલટીઓ થતી. એ વેળાએ જમનાબાએ પતિની પડખે ઊભાં રહીને એમની સેવાચાકરી કરવી રહી, પરંતુ સેવાચાકરી તો બાજુએ રહી, પણ બહુ જ કઢંગું અને બાપજી જેવા સંતપુરુષનાં ધર્મપત્નીને ન છાજે એવું વર્તન માજી દાખવતાં રહ્યાં. બાપજી તો ક્ષમાના સાગર સમા હતા. એટલે તેઓ બધું શાંતિથી સહી લેતા હતા. બાપજીની તો શ્રીભગવદ્‌-ગીતાજીમાં કહ્યું છે એવી બ્રાહ્મી સ્થિતિ હતી :

'વિહાય કામાન્યઃ ય સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।
નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ ॥
(૨/૭૧)

એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।
સ્થિત્વા અસ્યામ્ અંતકાલે અપિ બ્રહ્મ નિર્વાણમૃચ્છતિ ॥'
(૨/૭૨)

— સર્વ કામનાઓને ત્યજી દીધી હતી. નિઃસ્પૃહ - કોઈ પણ જાતની ઈચ્છાઓ વિના વિચરતા હતા. નિર્મમ - કોઈ પ્રકારનું મમત્વ ન હતું. નિરહંકારી હતા. એવા બાપજીને શાંતિ પ્રાપ્ત થાય જ એવી બ્રાહ્મી સ્થિતિ તેમની હતી. એટલે તેમને કશાનો મોહ ન હતો. આવી ઉચ્ચ સ્થિતિમાં રહેનાર બાપજી તો અંતકાલે નિર્વાણ જ પામે.

એવા બાપજી આવી ક્ષુલ્લક લાગતી દુન્યવી વિટંબણાને મન પર શાના લે ? તે તો ક્ષમાભાવે બધું શાંતિથી સહન જ કરેને !

બાપજીને છેલ્લે લોહીની ઊલટી અવારનવાર થવા લાગી હતી. એકવાર આરામ કરવા તેઓ નડિયાદ મોહનભાઈને ત્યાં રહ્યા હતા. માજી પણ સાથે હતાં.

સાંજે બાપજી, મોહનભાઈ અને સતુભાઈ સાથે ફરવા નીકળ્યા. કાળકા માતાની તળાવડીએ પથ્થરના આરા ઉપર બેઠા. ત્યાં એકાએક લોહીની બેસિતમ ઊલટી થવા લાગી ! એક કલાક સુધી રહે જ નહિ.

સતુભાઈ નડિયાદમાં પહેલી વાર જ આવેલા. એટલે અજાણ હતા. સાંજ પડી ગઈ હતી. ગામ જરા દૂર હતું. ગામમાંથી ઘોડાગાડી લેવા માટે કોઈ જાણકાર માણસની

જરૂર હતી. આવી સ્થિતિમાં બાપજીને ચાલતાં લઈ જતાં રસ્તામાં તમ્મર આવી તેઓ પડી જાય તો ?

તળાવમાં પાણી જરાયે ન હતું. પાણી લાવી મોં ધોવડાવી બાપજીને ઘેર લઈ જવા પડે. હાથરૂમાલ તો લોહીવાળો થઈ ગયેલો. આ વાત ઘેર કોઈ જાણે નહિ એટલા માટે બાપજીએ ત્યાં જ ફેંકી દીધો.

આવી સ્થિતિમાં પણ બાપજીને માજીની ચિંતા ! તેમણે ભાઈઓને કહ્યું,

'એમને આ વાત કરશો નહિ. વિના કારણે નકામાં લઢશે અને બૂમો પાડશે.'

મોહનભાઈના પિતાજી વૈદું જાણતા હતા. એટલે બાપજીએ મોહનભાઈને કહ્યું,

'તમારા બાપા એકલાને ધીરેથી કહેજો. તે કાંઈ દવા આપશે, એટલે મટી જશે. બીજું કોઈ જાણે નહિ.'

આવા સંકોચશીલ બાપજી હતા.

માજીનો સ્વભાવ વિચિત્ર હતો. તેથી, બાપજીને પણ આવી ફીકર રાખવી પડતી.

બાપજીનો અવાજ ખોખરો થઈ ગયો. શરીર અશક્તિને લીધે લથડિયાં ખાતું હતું. સતુભાઈને બાપજી પાસે રાખીને મોહનભાઈ દોડીને પાણી લેવા ગયા. નજીકમાં સાધુઓ રહેતા હતા. ત્યાંથી પાણીનો લોટો માંગ્યો. તેઓ મોહનભાઈને ઓળખતા હતા. એટલે પાણીનો લોટો ભરી આપ્યો.

બાપજીને મોં વગેરે ધોવડાવવાથી જરા શાંતિ વળી. બાપજી કહે, 'ધીરે ધીરે ઘરે જઈશું.' મોહનભાઈએ કહ્યું, 'આપ અહીં થોડી વાર બેસી શકો, તો ગાડી લઈ આવું.' પણ બાપજીએ ધીરે ધીરે ચાલીને જ જવા આગ્રહ રાખ્યો.

ધીરે ધીરે ચાલીને સાધુના મઠ સુધી આવ્યા, ત્યાં ફરીને હુમલો થયો ! એક ઓટલી પર બેસીને બેચાર મોં ભરી લોહી કાઢી નાખ્યું ! બાપજી કહે,

'બધો કચરો છો નીકળી જતો. ચાલી જા બધું જ.'

પાણી ફરીને લાવી મોં વગેરે ધોઈ ધીરે ધીરે ચાલી ઘરે આવ્યા.

ઘરે ત્રીજે માળ રહેવાનું, એકાંત તો સારું, પરંતુ આવે ટાણે ત્રીજે માળે માજીએ ભક્ત સ્ત્રીપુરુષોને ભેગાં કર્યાં હતાં. ગાદી પર માજી વિરાજેલાં હતાં. સૌ ભક્તજનો માજીને રાજી રાખવા એમની વાત સાંભળ્યાં કરતાં હતાં. આવી પરિસ્થિતિમાં બાપજીને શાંતિથી સૂવા ક્યાંથી મળે ? માજીની સભા જલદી પૂરી થાય એમ હતું નહિ.

મોહનભાઈએ એમના પિતાજીને બધી વાત કરી. એટલે તેમણે જમવાનું બહાનું ઊભું કરીને સૌને નીચે બોલાવ્યાં. એટલે બાપજી આવીને ખાટલામાં આડા પડ્યા.

બધાં જમવા બેઠાં. માજી કહે, 'એમને બોલાવો.'

મોહનભાઈએ કહ્યું, 'બા, એમને અત્યારે જમવાની

રુચિ નથી. એમ બાપજી કહે છે. તેથી, મોડેથી દૂધ આપીશું.'

માજી કહે, 'સવારે તો બરાબર જમ્યા નથી અને ના કેમ કહે ?' વગેરે બબડાટ થોડી વાર ચાલ્યો.

બધાં જમવા બેઠાં. મોહનભાઈ ઉપર બાપજી પાસે બેઠા. ત્યાં તો થોડી વાર પછી લોહી એવા જોરથી ઊભરાયું કે રહે જ નહિ ! અગાસીમાં આવી બાપજી ખાળ તરફ બેઠા. લોહી નીકળ્યે જ જતું હતું.

નીચેથી માજીએ બૂમ પાડી કે, 'શું થયું છે ?'

મોહનભાઈએ ઉપરથી જવાબ આપ્યો કે, 'એમને સહેજ ઊલક જેવું થયું છે.'

એ સાંભળીને માજી નીચેથી મોટે અવાજે ચડભડી ઊઠ્યાં.

'આખી જિંદગીમાં કોઈ વાર ઊલટી થઈ નથી. આજે આ શું માંડ્યું છે ?'

આમ, વસ્તુસ્થિતિ સમજ્યા વિના બબડાટ કરવા લાગ્યાં. બાપજીની ઊલટી શમે નહિ. ઊલટીનો અવાજ સાંભળીને માજી ધમપછાડા કરતાં ઉપર આવ્યાં. બાપજીને સાંત્વન આપવાનું તો બાજુએ રહ્યું અને માજી રોષમાં આવીને એલફેલ બોલવા લાગ્યાં.

'મૂઆએ શુંયે કર્યું હશે ! ના કહીએ અને કંઈ ને કંઈ ખાઈ જાય. આ તો મોકાણ મંડાણી !'

બાપજી બિચારા ઊભાં ઊભાં લોહી કાઢ્યે જ જતા હતા ! નાકમાંથી અને મોંમાંથી લોહી વહ્યા જ કરે ! આવી વ્યાકુળ સ્થિતિ જોઈને પણ માજીના દિલમાં પતિની સેવા કરવાનો ભાવ જાગ્યો નહિ ! તે તો બાપજીને સૌ ભક્તજનોની વચ્ચે જોર શોરથી ભાંડવા લાગ્યાં ! ‘કપાળ તારા બાપનું !’ એમ કહી લાંબા લાંબા હાથ કરી બાપજીને લઢવા લાગ્યાં.

વાઘણ જેવાં માજીનું ચંડિકા સ્વરૂપ જોઈને ત્યાં ઊભેલાં ભક્ત ભાઈબહેનો પણ થથરી ગયાં ! મદદ કરવાની ઘડીએ કશી મદદ કરે નહિ અને પડ્યા ઉપર પાટુ મારે ! બાપજી તો સ્થિતપ્રજ્ઞની માફક *‘દુઃખે ઉદ્વેગ ના ચિત્તે’* રહી શાંતિથી સાંભળ્યા કરતા.

જરા મોં ધોઈ ધીરજ વળી, એટલે બાપજીએ એમની હીમજની ડબી માગી. મોહનભાઈએ માજીને ધીરેથી કહ્યું, ‘બા, બાપજી હીમજની ડબી માગે છે.’

આપવાની તો વાત જ નહિ અને માજી કહે, ‘એ જાણે અને એની ડબી જાણે. મૂઓ ! એની મોકાણ મંડાઈ !’

ઘણાં જણે માજીને વીનવ્યાં. પણ સાંભળે જ કોણ ? છેવટે ટૂંકમાં એમ બોલ્યાં,

‘બા, ચાવી આપો.’ એમ કહ્યું, તો માજી છણકો કરીને કહે, ‘મરી ગઈ ચાવી ! હું ન જાણું. એ જાણે.’

ચાવી મૂકે માજી પોતે, રાખે પોતાની પાસે, અને જાણે બાપજી !

ભક્તોએ તાળું તોડીને માજીની બૂમરાણ વચ્ચે ડબી ટ્રંકમાંથી કાઢીને બાપજીને આપી.

માજી ચિડાઈને કહે, 'તાળું તોડ્યું. તમે લોક કેટલા મૂરખ છો !'

ભક્તોએ કહ્યું, 'મા, કાલે બીજું આવી જશે. આજે જરા ધીરજ રાખો' માજી બબડતાં જ રહ્યાં.

•

॥ હરિઃૐ ॥

(૬)

## સત્સંગીઓનું મંડળ જામ્યું

બાપજી આમ તો સામાન્ય સંસારી જેમ જ રહેતા હતા. માત્ર રાતે ભજનકીર્તન કરતા. એમના મધુર સૂરની મીઠાશ આસપાસના ગામલોકોને આકર્ષતી. કોઈ કોઈ વાર બાપજી આજુબાજુનાં ગામોમાં પણ ભજનકીર્તન કરવા જતા. ગામજનો બાપજીને સીધાસાદા ભગત જાણી આવકાર આપતા.

બાપજી, આમ એકત્રીસ વર્ષ સુધી રહ્યા. ત્યાર પછી એકાવન-બાવન વર્ષની વયે જાહેરમાં આવવાનો સુઅવસર આપમેળે ઊભો થયો.

એક વખત ગોધરામાં બાપજીની ખડકીમાં રાતે ભજન કરવાનું ઠરેલું. ભક્તજનોને નોતરેલા. રાતના ભક્તમંડળી ભજનોની ધૂનમાં મગ્ન હતી.

તે વખતે નથ્થુરામ નામનો જમાદાર ત્યાં આવ્યો. તે ભગતજી પાસે ફોજદાર માટે ચલમ લેવા આવ્યો હતો. આવીને જુએ તો ભજનની રમઝટ જામેલી. બાપજી સૂરીલા કંઠે ભજન લલકારતા હતા અને ભજનમંડળી હોંશભેર ભજન ઝીલતી હતી.

નથ્થુરામને ભજનો સાંભળવામાં રસ પડ્યો, તે એક બાજુએ બેસી ગયો. બાપજી તો એક પછી એક ભજન

ઉપાડતા ગયા. જ્ઞાનાનુભવમાંથી ઉદ્‌ભવતી વાણીએ નથ્થુરામ પર ઊંડી અસર કરી. બ્રાહ્મણને ખાતરી થઈ ગઈ કે, ભગતજી કંઈ સાધારણ ભજનિક નથી, એ કોઈ સમર્થ તત્ત્વજ્ઞાની ગુપ્ત વેશમાં વિરાજે છે.

આમ, પ્રથમ સમાગમમાં આવનાર સત્સંગી તરીકેનું માન નથ્થુરામને ઘટે છે. પછી તો ધીમે ધીમે છૂપું રત્ન ઘણાંની નજરે પડવા માંડ્યું. વલસાડ, સુરત, અમદાવાદ, નડિયાદ, મુંબઈ, વલસાડ અને પારડી પાસેનું વાઘછીપા ગામ. આમ, ઠેકઠેકાણેથી સત્સંગી ભાઈબહેનો બાપજીના સમાગમમાં આવવાં લાગ્યાં. બાપજી પણ સત્સંગીઓના આગ્રહથી આ બધાં સ્થળોએ જવા લાગ્યા.

સત્સંગીઓમાં સમર્થ વેદાંતી છોટુભાઈ (હેડમાસ્તર) શંકરજી દેસાઈ, નથ્થુરામને લીધે બાપજીના સમાગમમાં આવ્યા હતા.

છોટુભાઈનો પ્રથમ પરિચય જાણવા જેવો છે. નથ્થુરામે ભરૂચમાં પોતાને ત્યાં બાપજીને પધરાવી છોટુભાઈને પોતાને ત્યાં સત્સંગ કરવા બોલાવેલા.

છોટુભાઈને પોતાના વેદાંત જ્ઞાનનું અભિમાન. એટલે તે નથ્થુરામને કહે,

'ચાલ, તારા ભગતની આજે પરીક્ષા લઈ નાખું. જોઉં તો ખરો, તારા ભગતજી કેવા જ્ઞાની છે !'

એ સાંભળીને નથ્થુરામ મનમાં ગભરાયો. તેને થયું

'રખેને છોટુભાઈ બાપજીનું અપમાન કરી બેસે.'

તેણે બાપજીને આ વાત કરી. બાપજીએ ધીરજ આપેલી.

'પ્રભુ છે. કશી ચિંતા કરશો નહિ. સમર્થ છે. માટે, ચિંતા ન કરશો.'

ઘરમાં બાપજી આંટા મારતા હતા. છોટુભાઈએ આવીને નથ્થુરામને હાક મારી કહ્યું,

'નથ્થુરામ, બોલાવ તારા ભગતજીને.'

એટલામાં બાપજી બેસવા માટે કોથળો લઈને બહાર આવ્યા અને છોટુભાઈ તરફ પ્રેમભરી રીતે સ્મિત ફરકાવી બોલ્યા, 'આવો, આવો !'

છોટુભાઈએ બાપજી ભણી જોયું. બન્નેની આંખો મળી દૃષ્ટોદૃષ્ટ. ત્યાં તો છોટુભાઈનું પૂછવાનું તો ઠેકાણે રહી ગયું. બહુ જબ્બર તૈયારી કરીને બાંયો ચડાવીને આવેલા, પણ બાપજીની સૌમ્ય મૂર્તિ જોઈને તે ઠંડાગાર થઈ ગયા ! તેમનો કંઠ ભરાઈ ગયો. એકે અક્ષર નીકળે જ શાનો ? આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. અડધા કલાક સુધી આવું મૌન ચાલ્યું.

વેદાંતી ખરાને ! એટલે બાપજીની પરીક્ષા લેવા આવેલા, પણ પરીક્ષા તો પૂરી થઈ ગઈ. વિના સવાલ-જવાબે !

થોડી વારે બાપજીએ જ સામેથી પૂછ્યું :

'કેમ છો પ્રભુ, આનંદમાં ? આપ અહીં શું કરો છો ?'

એવી સરળ વાત ઉપાડીને છોટુભાઈને હળવા કર્યા, પછી છોટુભાઈ તો બાપજીના ચાહક બની ગયા.

આમ, ધીરે ધીરે બાપજીનું સત્સંગ મંડળ વધતું ચાલ્યું. ખંભાત સ્કૂલના હેડમાસ્તર બ્રીજમોહનદાસ સુરતવાળા, ચંદુલાલ દાક્તર, અમદાવાદના શેઠ મનસુખભાઈના દીકરા માંકુભાઈ, વલસાડ મ્યુનિસિપાલિટીના સેક્રેટરી મણિભાઈ-આમ, એક પછી એક શ્રેયાર્થીજનો બાપજીનો સત્સંગ કરવા આવવા લાગ્યા.

બાપજી, આમ તો પ્રજાપતિ-કુંભાર હતા. છતાં શિષ્યવર્ગવાળા બ્રાહ્મણ, વાણિયા, પટેલ વગેરે ઘણી બધી કોમના હતા. કેટલાક ખાનદાન કુટુંબના પારસીઓ પણ હતા.

મુંબઈના શેઠશ્રી વીસનજી ખીમજી, મુંબઈના સુખી ગૃહસ્થ, જ્ઞાની, વેદાંતી તથા તત્ત્વચિંતક જે. પી. બાપજીના એક પરમ ભક્ત બની ગયા હતા.

અહીં બાપજીના એક પરમ ભક્ત છોટુભાઈ ડાહ્યાભાઈ દરૂનો ઉલ્લેખ કરવા જેવો છે. એ સમાગમમાં આવ્યા પછી બાપજીનો સત્સંગીઓને મોકળાશથી લાભ મળતો થયો.

એક દિવસ છોટુભાઈ દરૂ બાપજીને મળવા ગોધરા આવ્યા. તે વખતે બાપજી ચાકડા પર ઘાટ ઉતારી રહ્યા હતા. આ જોઈને છોટુભાઈએ વિનંતી કરતાં કહ્યું,

'બાપજી, આપે ઘણાં વર્ષો મહેનત-મજૂરી કરી. હવે, આ કુંભારનું કામ છોડો અને એટલો વખત અમારા જેવા ભક્તોના-શિષ્યોના કલ્યાણને માટે આપો. જેથી, અમારો ઉદ્ધાર થાય. એમને પણ આપની પાસે આવતાં સંકોચ ન રહે. અમે આવીએ, એટલે આપને આપનું કામ પડતું મૂકીને અમારી સાથે બેસવું પડે. એટલે આપને આજીવિકા રળવામાં ખેંચ પડે. એ અમને ન ગમે.'

બાપજી, એ સાંભળીને હસતાં હસતાં કહે,

'ના ભાઈ, ના. મને કશી મુશ્કેલી નથી. મારો રામજી જોનારો છે. એ એના ભક્તને ભૂખે ન મારે. અમને બે જણને જોઈએ પણ શું ?'

થોડી રકઝક પછી છોટુભાઈએ પોતાનો છેવટનો નિર્ણય જણાવતાં કહ્યું,

'હવે જો બાપજી તમે મારું નહિ માનો, તો ચાકડો તળાવમાં ફેંકી દઈશ.'

આખરે બાપજીને પણ લાગ્યું કે હવે બધી વાતનો અંત આવ્યો છે. પ્રારબ્ધે ગતિ બદલી છે. પરમાત્માની મરજી પણ જ્યારે બદલાય, ત્યારે જ સર્વ વાત બને. તેમ છોટુભાઈના હૃદયમાં તેવી પ્રેરણા કરનાર પ્રભુ પોતે જ છે.

આમ, છોટુભાઈએ નિમિત્ત બની બાપજીનું કુંભારકામ બંધ કરાવ્યું. પછી બાપજીની બધી વ્યવસ્થા તેમણે પોતાના

તે વખતના પગારમાંથી બને તેટલો ત્યાગ કરીને ઉપાડી લીધી. આમ, **છોટુભાઈએ બાપજી પાસે વાસણ ઘડવાનો ધંધો છોડાવી માણસો ઘડવાનો ધંધો આદરાવ્યો.**

આગળ જતાં શેઠશ્રી વીસનજી બાપજીના સમાગમમાં આવ્યા, ત્યારથી બાપજીની ઘરની સ્થિતિ સમજી લઈને તેમણે દરેક રીતે આર્થિક મદદ કરવાનું સ્વીકારી લીધું.

બાપજી, પહેલાં નથ્થુરામભાઈને ત્યાં મુંબઈમાં પરેલ રહેતા હતા. એકવાર વીસનજીભાઈ, બાપજીને એમને ત્યાંથી પોતાને બંગલે દાદર લઈ આવેલા. ત્યાર પછી શેઠશ્રી બાપજીને પોતાને ત્યાં જ ઉતારતા. શેઠશ્રી તો મોટા શ્રીમંત હતા, પરંતુ ઘરનાં બધાં જ ધાર્મિક વૃત્તિનાં હતાં. એટલે બાપજીની, જમનાબાની તેમ જ બાપજીના સત્સંગીઓ એમને મળવા આવે, એમની પણ સગવડ શેઠશ્રીને ત્યાં બરોબર સચવાતી.

વાઘછીપા ગામ તો બાપજીનું 'ગોકુળિયું' હતું. ગામના ભક્તિઘેલાં ભાવિક ભાઈબહેનોનો ભાવ અજોડ હતો. બાપજીને સૌથી વધારે આનંદ વાઘછીપામાં મળતો. ગામમાં મોતી પટેલને ત્યાં તેમનો ઉતારો રહેતો. ઘરનાં સૌ કુટુંબીજનો બાપજીને પૂજ્ય ગણે. તેમની સેવામાં સદા તત્પર. ગામનાં બધાં જ બાપજીનાં ભક્ત. બાપજી વાઘછીપા આવે. એટલે ગામમાં આનંદ-ઉત્સવ. સૌનાં હૈયાં જાણે ગાતાં હોય,

**'આજની ઘડી તે રળિયામણી,**
**અમ ગુરુજી પધાર્યાની વધામણી જી રે...'**

સાંજના ભજનમંડળી બેસે. ત્યાં બહેનોની મંડળી જુદી જામે. એક ભજન ભાઈઓ ઉપાડે. એ પૂરું થાય એટલે બહેનો સૂરીલા સ્વરે અને ભક્તિભાવે ભજન ઉપાડે. એમ ભજનની રમઝટ જામે.

બાપજીએ ત્યાં ભક્ત ભાઈ-બહેનોને તંબૂરા, મંજીરા વગાડતાં કરી મૂકેલા. બાપજીએ ગામમાં એક મંદિર બંધાવવા ગોઠવણ કરી. તેમાં શ્રીરામચંદ્રજીની મૂર્તિ પધરાવી અને સાચો નીતિપંથ બતાવ્યો. વળી, તેમણે ધર્મશાળા અને કૂવો પણ પોતાના ખર્ચે કરાવીને ગામને મહત્ત્વ આપ્યું.

બાપજીના સમાગમમાં અનેક શ્રેયાર્થીજનો આવ્યા. અહીં સૌનો ઉલ્લેખ કરવો સ્થળ-સંકોચને કારણે અસ્થાને છે, પણ બે ભક્ત યુવાનોને ખાસ બિરદાવવા જેવા છે. એ બન્ને ઉત્સાહી અને આજ્ઞાંકિત યુવાનોની ગુરુસેવા અને ગુરુભક્તિ અજોડ છે. ભક્તકવિ નિતાનંદે ગાયું છે :

*'સાધુ-સંગત સત્ગુરુ કી સેવા,*
*પાવે અચલ સુહાગ રે,*
*જાગત પૂરન ભાગ રે.'*

એમ આ બન્ને યુવાન ભક્તો આ સદ્ભાગ્ય પામી ધન્ય થયા છે.

એ બન્ને ભક્તો તે નડિયાદના મોહનલાલભાઈ ગાંધી અને તેમના સહાધ્યાયી મિત્ર હરિભાઈ. એ બન્ને મિત્રોએ બાપજીની અંત સુધી ખૂબ ભક્તિભાવ અને નિષ્ઠાથી સેવાચાકરી કરી હતી.

અહીં મહાત્મા ગાંધીજીના અંતેવાસી અને રહસ્ય મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

મહાદેવભાઈ, મુંબઈમાં કૉલેજમાં ભણતા હતા, ત્યારે બાપજીનો સમાગમ તેમને થયેલો. તે બાપજીના દેહત્યાગ સુધી ચાલુ રહ્યો. બાપજીએ એમના જીવનને ભક્તિરસથી તરબોળ કરેલું.

મહાદેવભાઈ મૅટ્રિકમાં હતા, ત્યારે તેમના પિતાશ્રીની બદલી વલસાડમાં થયેલી. મહાદેવભાઈ લખે છે,

'મારો એ સંતપુરુષનો પરિચય મારા પિતા મારફતે થયેલો. કૉલેજમાં અભ્યાસ કરતો, તે વેળા સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો અને તે દ્વારા શ્રીરામકૃષ્ણ પરમહંસનો કંઈક પરિચય મને થયો હતો. એ પરમહંસનાં વચનોનું રહસ્ય આ સંતપુરુષનાં-બાપજીનાં વચનોથી મને સમજાયું.'

મહાદેવભાઈના પિતાશ્રી વલસાડ હતા, તે વખતે બાપજી અવારનવાર વલસાડ પધારતા. પંદર-વીસ દિવસ રહેતા. મંડળી ભેગી થાય અને તેમાં ભજનો ગવાય. રજાઓમાં મહાદેવભાઈ વલસાડ ગયા હોય, ત્યારે તે

પણ બાપજીની આ મંડળીમાં ભળતા.

બાપજી, મહાદેવભાઈ પાસે ભજન ગવડાવતા. મુંબઈમાં શેઠ વસનજીભાઈને ત્યાં બાપજી પધાર્યા હોય, ત્યારે બાપજીને મળવા મહાદેવભાઈ શેઠશ્રીને ત્યાં દાદર જતા.

તે દિવસોમાં પૂજ્ય શ્રીમોટા પણ બાપજીને મળવા ગોધરા કોઈ કોઈ વાર જતા. બાપજી નડિયાદ પધારેલા હોય, ત્યારે પણ મળવા જતા.

બાપજીના દેહાવસાન પછી તેમનું જીવનચરિત્ર બહાર પડ્યું. પૂજ્ય શ્રીમોટા, બાપજીના ઘરસંસાર વિશે જાણતા હતા. એટલે કોઈ ગૃહસ્થ **મોટા** આગળ પોતાના વિખવાદભર્યા ઘરસંસારની આપવીતીની અકળાઈને દુઃખી દિલે વાત કરે, કોઈની પત્ની કર્કશા હોય એની કથની **મોટા** આગળ કહે, તો **મોટા** એને બાપજીનું જીવનચરિત્ર વાંચી જવા કહેતા અથવા વાંચવા આપતા. એ વાંચીને એવા જીવોને આશ્વાસન મળતું.

અનુભવીઓએ કહ્યું છેને કે આપણા કરતાં વધારે દુઃખીનો વિચાર કરીએ તો આપણું દુઃખ હળવું થઈ જાય અને આપણને થાય કે મારા કરતાં તો આ વ્યક્તિનું દુઃખ વધારે કારમું છે ! ભગવાનનો પાડ માનો કે એની સરખાણીમાં મારું દુઃખ બહુ ઓછું છે.

•

॥ હરિઃૐ ॥

(૭)

## બાપજીના બોધક પ્રસંગો

સંતકવિ બ્રહ્માનંદજીએ એક ભજનમાં ગાયું છે :

*'સંત પરમ હિતકારી,*
*પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ,*
*ભરમ મિટાવત ભારી.'*

બાપજી પણ આવા પરમ હિતકારી સંત હતા. એમની પાસે આવનાર ભક્તજનોના 'ભરમ' બાપજી સહજ રીતે ટાળી દેતા અને તેને સાચો રાહ બતાવતા. એમની રીત એવી સરળ અને સહજ હતી કે સામાના દિલને મધુર રીતે સાચી સમજ આપી દેતા.

કોઈ ભક્ત મનમાં કંઈ ભરીને બાપજી પાસે આવે તો જેમનું અંતઃકરણ નિર્મળ છે, એવા બાપજી એના મનની વાત તરત જ પામી જતા અને મારગ બતાવીને એની સાન ઠેકાણે લાવતા, પણ એમાં જરાયે કટુતા કે કઠોરતા આવવા દેતા નહિ. મીઠાશ તો બાપજીની જ.

અહીં થોડા પ્રસંગો આપ્યા છે. એ પરથી બાપજીના ઉદારચરિત સ્વભાવનો સહેજે ખ્યાલ આવશે.

એકવાર વેદાંતી જીવ છોટુભાઈ દેસાઈને બાપજીની કસોટી કરવાનું મન થયું.

તે બાપજીને પોતાને ત્યાં લઈ ગયા. બાપજીને એક ખંડમાં જ્યાં ચોકડી-પેશાબ કરવાની જગા મળે નહિ, ત્યાં સુવાડ્યા. ઓરડો બધી બાજુથી બહારથી બંધ કરી દીધેલો. સ્ત્રીઓના ઓરડા તરફનું બારણું વાસેલું હતું. છોટુભાઈ જાણતા હતા કે અડધી રાતે સૂતેલાં બહેનોના ઓરડામાંથી બહાર પેશાબ કરવા ન જાય એવા બાપજી મર્યાદાશીલ હતા. એવી ગોઠવણ તેમણે કરીને રાતે બાપજી, લઘુશંકા કરવા ક્યાં જાય છે, એ ચકાસવા છોટુભાઈએ એક તપેલી ભરીને ખૂબ મીઠી ચા કરી. પછી બાપજીને આગ્રહ કરી કરીને બધી જ ચા પાઈ દીધી !

છોટુભાઈ પોતે બીજી બાજુના દરવાજા બહાર સૂતા. બાપજીને રાતે લઘુશંકા લાગે તો પોતાની તરફના દરવાજા આગળથી બહાર જાય છે કે નહિ, બહેનો સૂતેલાં છે એ બાજુથી જવા બાપજી મર્યાદાનો ભંગ કરે છે કે નહિ અથવા ઓરડામાં ગમે ત્યાં પેશાબ કરે છે કે નહિ એ જોવા છોટુભાઈ માગતા હતા.

બાપજીએ તો બધી ચા પચાવી દીધી. રાતે લઘુશંકા કરવા ઊઠ્યા જ નહિ. સવારે મોડા ઊઠ્યા, પણ પેશાબ કરવા ગયા જ નહિ.

છોટુભાઈ છાનામાના આ બધું જોયા કરતા હતા. તેમણે નવાઈ પામી બાપજીને પૂછ્યું :

'બાપજી, આપે તપેલી ભરીને મીઠી ચા ઘણી પીધી હતી. પછી રાતે પેશાબ કરવા કેમ ન ઊઠ્યા ?'

બાપજીએ ટૂંકમાં જવાબ આપ્યો :

'તમારી મરજી એવી હતી, એટલે રામજીએ તેમ કર્યું.'

છોટુભાઈ શું બોલે ?

(૨)

આગળ જતાં છોટુભાઈ દેસાઈ બાપજીના સંબંધમાં વધારે આવવા લાગ્યા. એકવાર તેમને સિદ્ધિ મેળવવાની ઇચ્છા થઈ. તે બાપજીને કહે,

'બાપજી, ગમે તેમ કંઈ પ્રગટ શક્તિ આપો.'

બાપજી એવા ચમત્કારોથી બિલકુલ વિરુદ્ધ હતા. એમને થયું, આ વેદાંતી જીવડાએ આ વળી નવું તૃતીયમ્ ઊભું કર્યું ! એટલે બાપજીએ કહ્યું,

'જાઓ, જે ઇચ્છા કરશો તે થશે, પરંતુ સાંસારિક માયિક ભાવના કરશો, તો તે બંધ થઈ જશે.'

પણ છોટુભાઈનું નસીબ બે ડગલાં પાછળ ! છોટુભાઈને મનમાં થયું,

'બાપજીએ પટાવ્યા તો નથીને ! લાવ એની પરીક્ષા કરી જોઉં. સાચું છે કે ખોટું, એની ખાતરી કરી જોઉં.'

કહ્યું છેને –'સંશય ત્યાં સંસાર સવાયો.'

આમ, એમને શંકા ઊપજી એટલે સહજ રીતે ગુરુભાવ ઘટ્યો. તેથી આપેલી સિદ્ધિ કુદરત જ ઊંધે મારગે વપરાવે !

હવે, એ અરસામાં છોટુભાઈ એમના એક મિત્રને ત્યાં સુરત ગયા. ત્યાં એમને મનમાં ગરમાગરમ ભજિયાં ખાવાની ઈચ્છા થઈ. સાથે સાથે મનમાં એમ પણ થયું, ‘લાવ, જોઉં તો ખરો, ઈચ્છા પૂર્ણ થાય છે કે નહિ ?’

*શું મહદ જ્ઞાન અને કેવી તુચ્છ ઈચ્છા !*

એવામાં તે જ વેળાએ મિત્રનાં પત્નીને મનમાં સહજ મેળે સ્ફુરણા થઈ,

‘ઘણે દિવસે છોટુભાઈ આવ્યા છે. લાવ, એમને ટેસ્ટદાર ગરમાગરમ ભજિયાં ખવડાવીએ.’

છોટુભાઈ તો આ જોઈને મનમાં રાજીરાજી થઈ ગયા. તેમને થયું, ‘વાહ ! સિદ્ધિ ફળી ખરી !’

પણ છોટુભાઈની જાણ વગર એ સિદ્ધિ અલોપ થઈ ગઈ !

એક કવિએ યોગ્ય જ કહ્યું છે :

*‘ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે,*
*તદપિ અર્થ ના સરે.’*

છોટુભાઈ હાથ ઘસતા થઈ ગયા.

(૩)

શેઠશ્રી વીસનજીભાઈ મોટા શ્રીમંત હતા. છતાં બાપજી માટે તેમને ઉચ્ચ ગુરુભાવ હતો. બાપજી મુંબઈ પધારે, ત્યારે તેમનો શેઠશ્રીને ત્યાં જ મુકામ રહેતો.

શેઠશ્રી એક તરફ પોતાનું અને એવી જ વ્યવસ્થાવાળું બધું બાપજી માટે બીજી તરફ રાખતા.

એક ગાદી પોતાની અને બીજી પોતાના ગુરુ બાપજીની. તેની ઉપર ઓછાડ વગેરે બરાબર સ્વચ્છ રહે છે કે નહિ, એની બારીક તપાસ જાતે રાખતા. ગુરુની ગાદી કેવી પવિત્ર હોવી જોઈએ, એમ સમજી ગાદી ઉપર કોઈને કદી બેસવા દેતા નહિ. કોઈનો પગ સરખો ન લાગવા દે, કદાચ કોઈ પગ અડાડે કે ઉપર જરા બેસે, તો તેને ધૂળધોયો કરી નાખતા. એટલું માન જાળવી બાપજીની સેવા શેઠશ્રીએ ઉઠાવેલી.

એકવાર શેઠશ્રીએ બાપજી પાસે વચન માગ્યું હતું :

'બાપજી મહારાજ, આપ મારી છેલ્લી પળે હાજર હો, એવું વચન આપો.'

બાપજી કશું બોલ્યા નહિ. શેઠશ્રીએ નમ્રભાવે ખૂબ ખૂબ આગ્રહ કર્યો છેવટે બાપજી કહે,

'ઠીક, રામજી પ્રભુ તમારા ઉપર રાજી હોય, તો તેમ થશે.'

અને બન્યું પણ એમ જ. તેમની એ વેળાએ પંદર દિવસ અગાઉ બાપજી પોતે ત્યાં ગયેલા. આઠેક દિવસ પહેલાં શેઠશ્રીને બાપજીએ ચેતવણી આપેલી. આટલા સત્સંગના પ્રભાવે શેઠજી એકદમ સાવધ થઈ ગયા. સમજી ગયા. છતાં શેઠજી કહે,

'હજી તો પાંચ વર્ષ બાકી છે એમ મેં મોટા જ્યોતિષી પાસે જોવરાવેલું છે. તેનું શું ?'

બાપજી ગંભીર ભાવે બોલ્યા,

'ભલે જે થવાનું હોય તે થાય, પરંતુ મારા રામ આમ કહે છે. સમજવું હોય તો સમજી જાઓ. નહિ તો પછી બધી કમાણી ધૂળમાં જશે. વૃત્તિને બહારથી તોડી અંતરમાં વાળી દ્યો.'

શેઠજી સમજી ગયા. બને તેટલું એકાંત પાળવા લાગ્યા. પાસે બાપજી સિવાય કોઈને આવવા દેતા નહિ. સૌ દીકરાઓ વગેરે કુટુંબીજનોને મળી લીધું હતું. કશામાં વૃત્તિ રહે એવું રાખેલું જ નહિ. છેલ્લી ઘડીએ પૂજ્ય ગુરુ બાપજી પોતે હાજર હોય, ત્યાં શું બાકી રહે ? છેવટે શેઠજીએ શાંતિથી દેહ છોડ્યો. આવું સદ્ભાગ્ય કોઈ ભાગ્યશાળી જીવને જ સાંપડે.

(૪)

છોટુભાઈ દરૂનો એક પ્રસંગ સમજવા જેવો છે. છોટુભાઈ બાપજીના પ્રસંગમાં આવ્યાને થોડોક સમય જ વીત્યો હતો.

એકવાર છોટુભાઈ ગોધરાથી સુરત જવાના હતા. સુરતના તેમના મિત્ર ચંદુલાલ દાક્તરે બાપજીને પણ સુરત એમની સાથે લઈ આવવા કહ્યું હતું.

તે વેળાએ છોટુભાઈને આવા કુંભારને સાથે લઈ

જવામાં જરા ખચકાટ થયો, પરંતુ એમને મનમાં ડર હતો કે, બાપજીને ચંદુલાલ દાક્તરના કહેણની ખબર છે, એટલે બાપજી એમની સાથે સુરત આવવા તૈયાર થઈ જાય તો ?

બાપજીના અંતઃકરણની સ્થિતિ ઉચ્ચ હતી. એટલે તે છોટુભાઈના મનની વાત પામી ગયા. બાપજીએ છોટુભાઈનો મારગ મોકળો કરવા સામેથી જ કહ્યું,

'તમે એકલા સુરત જાઓ. મારા રામ પાછળથી એકલા જ આવશે. મારે તમારી સાથે સુરત નથી આવવું.'

છોટુભાઈ ચિકિત્સાવાળા અને સૂક્ષ્મ બુદ્ધિના હતા. એટલે બાપજીની વાત સમજી તો ગયા, તે એકલા જ સુરત ગયા, પણ આ પ્રસંગનો ખટકો એમના દિલમાં હંમેશને માટે રહી ગયો !

(૫)

કોઈ કોઈ વાર વલસાડ, મુંબઈ વગેરે સ્થળેથી ભક્તજનો બાપજીને મળવા આવે. રાતે ભજનની ધૂન જામે. બાપજી કહે,

'આજે રાતે જેઠા ભગતને કહી રાખો. આનંદ કરશે.'

એટલે રાતે જેઠા ભગત માથે મજાનો ફેંટો, ગળે કંઠી વગેરે ભગતજીને છાજે એવા વેશમાં એક હાથમાં તંબૂરો અને બીજા હાથમાં મંજીરા લઈ આવી પહોંચે.

દરવાજામાં પગ મૂકતાં એકઠા થયેલા ભક્તજનોને 'જય ગુરુદેવ' કહીને રામરામ કરે અને બહારગામથી આવનાર ભક્તોને કહે, 'કેમ, ગુરુદેવના દરબારમાં ક્યારે પધાર્યા ?' આમ, ખબરઅંતર પૂછે. પછી ભજનની ઝડી ચાલે.

*'આ તો એવા મારા ભાયલા,*
*મફતના મર ગુમાવે રે હો જી;*
*ભેદ વિના હાલે ભટકતા...'*

એમ સૂરની જમાવટ થતાં અને લહે બંધાતાં બધાં ભક્તજનો એકતાર થઈ જતાં.

બાપજી મધ્યસ્થ તકિયે બિરાજતા હોય, ઘરડેરાને તકિયાની વ્યવસ્થા થાય. બીજા બધાં ભક્તો પાથરણાં પર બેઠાં હોય.

પણ પાથરણાં પર જગા ન હોય, તો કોઈને જમીન પર બેસવું પડે. એવા કોઈને કોક વાર મનમાં થાય, 'બધાં પાથરણાં પર બેઠાં છે અને હું નીચે બેઠો છું !'

આ વાતની બાપજીને અંતરસૂઝથી તરત જ જાણ થઈ જાય. એટલે બાપજી તરત જ બોલી ઊઠે,

'ઓ પ્રભુ, તમે નીચે શું કામ બેઠા છો ? ઉપર પધારો, મારા બાપ !'

ત્યાં બાપજી પાસે રોજ આવનારાને તરત જ સમજ પડી જાય કે, 'કોઈ મનજીભાઈ મુંઝાયા લાગે છે !'

એટલે તે તરત જ ઊઠીને પેલાને પાથરણાં પર બેસવાની જગા કરી આપે.

કોઈ વાર ગામના જરા આગળ પડતા ગૃહસ્થનો મોભો જળવાતો ન હોય અને મનમાં જરા સળવળાટ થતો જણાય તો બાપજી પોતાનો તકિયો દઈ દેતા.

આવનાર તકિયે રાજી હોય, તો તે આપી દેવા બાપજી સદા તૈયાર જ હોય. એ બહાને ભલેને એ ભજનનો લહાવો લે અને સત્સંગનો લાભ ઉઠાવે. પોતાની અનુકૂળતા જળવાતાં એવા જીવ પછી ભજનનો આનંદ લૂંટવા લાગી જાય.

(૬)

એક પ્રસંગે બાપજી સુરત ગયેલા. ભક્તજન બ્રીજમોહનદાસને ત્યાં મુકામ કરેલો. એક સોની ભગતે બાપજી સાંજના ફરીને આવે, ત્યારે પોતાને ત્યાં સંતજીનાં પગલાં થાય, એવી ઇચ્છાએ વિનંતી કરી રાખેલી.

સાંજના બાપજીને ત્યાં લઈ જવામાં આવ્યા. સોની ભગતને ત્યાં લોકોની ભીડ જોઈને એક બ્રાહ્મણ એ જોવા ઊભો રહ્યો.

બાપજીને ઘરમાં પધરાવી ગાદીતકિયે બેસાડી ઘરનાં ધણી-ધણિયાણી અને બીજા ભક્તજનોને ભક્તિભાવે બાપજીની પૂજાવિધિ કરતા બ્રાહ્મણે જોયા.

દરેક ભક્ત બાપજીને હાર ચડાવી પ્રણામ કરવા

લાગ્યો. એ જોઈને પેલા બ્રાહ્મણનો અહં જાગી ઊઠ્યો. તેને મનમાં થયું,

'હું બ્રાહ્મણ, મને હાર નહિ અને આ કુંભારને હાર ચઢે ?'

ત્યાં તો એક જ હાર બાકી હતો. બાપજી તરત જ પોતાના આસનેથી ઊભા થઈ ગયા. પોતે જાતે જઈને પેલા બ્રાહ્મણને ઘરમાં તેડી લાવ્યા. પોતાના આસન પર ભૂદેવને બેસાડી બાપજી એની પૂજા કરવા લાગ્યા ! બાકી રહેલો હાર લઈને બ્રાહ્મણને ભાવથી પહેરાવ્યો. પછી બાપજીએ સૌ ભક્તજનોને કહ્યું,

'આ તો બ્રહ્મદેવ છે. બધાં એમની પૂજા કરો અને એમનું ચરણામૃત લો. અને મને પહેલું આપજો.'

બ્રાહ્મણ તો બાપજીની આવી ભાવભીની નમ્રતા જોઈને મુગ્ધ બની ગયો ! તે બાપજીનાં ચરણમાં ઢળી પડ્યો. બાપજી 'ના, ના' કહે પણ ભૂદેવ શાનો માને !

## (૭)

બાપજી કોઈ ભક્તને ઘેર જાય, ત્યાં ભક્તજનો બાપજીના સત્સંગનો લાભ ઉઠાવવા ખૂબ ઉત્સુક હોય. સવારમાં બાપજી સ્નાનાદિથી પરવારે એ પહેલાં ભક્તજનો વહેલા આવી જતા. એટલે બાપજી દાતણપાણી થયું કે ચા, દૂધ વગેરેમાં સૌ ભેળા બેસી જતા.

અને બેઠા તે બેઠા. સ્નાન, શૌચ આદિ તો તેમના

બાકી જ હોય, એ પહેલાં તો ભજન, સત્સંગ ચાલુ થઈ ગયાં હોય.

બાપજીનો સ્વભાવ જ એવો હતો કે, એક પણ માણસ બેઠો હોય, ત્યાં સુધી પોતે બેસી જ રહે અને કંઈ ને કંઈ જ્ઞાનચર્ચા ચાલુ જ રાખે. આવનાર અનેક, પણ બાપજી તો એક જ. આવનાર થાકે તો જરા પગ લાંબાટૂંકા કરે કે ઊઠબેસ પણ કરે અને ઝાઝા માણસોમાંથી બે માણસ ઊઠી ગયા ત્યાં કોણ પૂછવા-ગાછવાનું ? પણ બાપજી તો બેઠા તે બેઠા. એક જ આસને સ્વસ્થ બિરાજમાન હોય. પોતે કલાકો સુધી બોલ્યે જ રાખે. જેથી કોઈ વાર માથાનો દુખાવો પણ થઈ આવતો. પણ તેમણે પોતે કદાપિ કહ્યું નથી કે, માથું દુઃખે છે, પરંતુ હાથથી દબાવતા હોય, એ પરથી સમજનાર કળી જતું. બાપજી કોઈ પણ પ્રકારના દુઃખની ફરિયાદ કોઈ વખત પણ કરતા જણાયા નથી. બધું શાંતિથી સહન કરી લે.

કોઈને રખેને ઉપાધિરૂપ થઈ પડીશ કે કોઈને રખે દુઃખ થાય, એ માટે બાપજી ખૂબ સાવધ રહેતા. બીજાને આનંદ આપવા પોતાને ગમે તે થાય એની મુદલ દરકાર કરતા નહિ. બાપજી તો કહેતા,

'આ દેહનું શું ઊપજવાનું છે ? કોઈને આનંદ થતો હોય તો ભલેને, આપણું શું જાય ? બિચારા કામધંધા મૂકીને આનંદ કરવા આવે, ત્યારે આપણે મૂંગા બેસી

રહીએ એમાં આનંદ શો ? વાણીનોય વિલાસ છે. અને વાણી વિના બીજું શું સાધન છે ? સત્સંગની જરૂર તો છે જ.'

આમ કહી બાપજી બોલ્યે જ રાખતા. તેમનો ભંડાર કદાપિ ખૂટે જ નહિ. એક ભજન ચાલ્યું કે એ પરનું વિવેચન ચાલે. રસ એવો જામે કે, લોકોનોયે શો દોષ? કોઈને ઊઠવાનું મન જ ન થાય.

કોઈ ખાસ ભક્ત બાપજીને કહે, 'બાપજી, હવે ઊઠો. સ્નાન વગરે પતાવો.'

એટલે બાપજી કહે,

'તમે બધાં પરવારો. મારે કઈ ઑફિસમાં જવું છે? તમે બધાં પહેલા પરવારો. પછી સૌથી છેલ્લો મારા રામને બોલાવજો.'

કોઈ વાર ઊઠવાનું થાય, ત્યારે ઊઠતાં ઊઠતાં પણ બોલતાં બોલતાં જ છૂટા પડતા હોય.

(૮)

એકવેળા બાપજી નથ્થુરામભાઈને ત્યાં મુંબઈમાં પરેલમાં ઊતર્યા હતા. સત્સંગમાં માણસોની મેદની જામે. ભજનકીર્તન થાય. સત્સંગનો લાભ લેવાય.

એવામાં નથ્થુરામની આંખો સખત દુખવા લાગી. જરાયે ચેન પડે નહિ. એની પત્ની વલોપાત કરીને

બાપજીને કહે, 'બાપજી, દયા કરો એમની આંખો જશે, તો અમારો નિર્વાહ કઈ પેરે ચાલશે ?'

બાપજીનું હૃદય આ જોઈને દ્રવી ઊઠ્યું. આંખો ભીની થઈ ગઈ, બાપજી બોલ્યા,

'ચિંતા ન કરો. એમની આંખો જશે, તો મારા રામ એની આંખો આપશે.'

પછી તો નથ્થુરામભાઈની આંખો એકદમ સારી થઈ ગઈ. પછી ક્યારેય આંખોની પીડા થઈ નથી.

પરંતુ બાપજીએ એ પીડા પોતાના ઉપર લઈ લીધી હતી. છેલ્લાં વર્ષોમાં બાપજી આંખની ભયંકર પીડાથી રિબાયા હતા !

(૯)

મોહનલાલભાઈ અને હરિભાઈ બન્ને જિગરજાન દોસ્ત અને બાપજીના પરમ સેવાભાવી યુવાન ભક્ત. બન્નેને એકવાર સંસાર છોડીને વનમાં જઈ સાધના કરવાનું મન થયું. બન્ને હજી ઘરસંસારમાં પડ્યા ન હતા. એટલે નિશ્ચિંત મને એક દિવસ ઘેર માબાપ વગેરેને કહ્યા વિના નીકળી પડ્યા.

ગોધરા જઈ બાપજીનાં દર્શન કરી ત્યાંથી બારોબાર રતલામને રસ્તે જવાનું ગોઠવ્યું હતું. બાપજીને બાહ્ય રીતે આ વાત જણાવ્યા વિના જ જવાનું નક્કી કર્યું હતું. પોતે કશું કહેવું નહિ. કંઈક બાપજી પૂછપરછ કરે, તો જ

તેમની સલાહ માંગવી. નહિ તો બાપજીનાં દર્શન કરી નીકળી પડવું.

બેએક કલાકનો સમય બાકી હતો. બન્ને શાંતિથી બાપજી પાસે બેઠા હતા. બાપજીને એ બન્નેના મનની ગડમથલ સમજાઈ ગઈ હતી. એટલે તેમણે સીધો પ્રશ્ન જ પૂછ્યો,

'પ્રભુ, ક્યાં જવાના છો ?'

બન્ને ચમક્યા ! બાપજી વાત જાણી ગયા લાગે છે ! એટલે બન્ને પોતાનો બચાવ કરતા કહે,

'બાપજી, આપ જાણો તો છો જ. ત્યાં પછી શું કહેવાનું રહે છે ?'

બાપજી વડીલના ભાવે ભાવથી બોલ્યા,

'નહિ. જાણીએ છીએ. છતાંયે તમારે બધું કહેવાની જરૂર છે.'

એટલું કહીને બાપજીએ કવિ છોટમનું ભજન ગાયું.

*'કોઈ મન મેળાપી હોય, તો મનકેરી કહીએ,*
*બીજા બેદિલ જીવશું, મૌન ગ્રહી રહીએ રે,*
*કોઈ મન મેળાપી...'*
*મન મેળાપી મનથી ન મૂકે, એક ટેક હોય જેને...'*

આમ, બધું બાપજીએ પ્રેમથી કહ્યું. એટલે બન્નેએ મુક્ત મને બાપજીને બધી વાત કરીને કહ્યું,

'પ્રભુ, હવે પરમાત્મા વિના ચેન નથી. રાતદિવસ

તેના એક જ ચિંતવનમાં રહેવાય, એ જ જોઈએ છે.'

બધું સાંભળ્યા પછી બાપજી પોતે એક ખૂણામાં જઈને બેઠા. અડધા કલાક સુધી એક અક્ષરેય બોલ્યા વિના સમાધિસ્થ થઈ ગયા. પછી એ સ્થિતિમાંથી બહાર આવી બાપજી ધીરગંભીર અવાજે બોલ્યા,

'ભલે, તમારું દિલ ઊપડ્યું છે, તો જઈ આવો. મારા રામ તમને કંઈ કહે, પરંતુ તમારાથી મનાશે નહિ. માટે જુઓ, વીસ પચીસ દહાડા પછીથી મારા રામને કાગળ લખજો. અને કંઈ પણ દુઃખ ન ભોગવતા. જ્યારે જરૂર પડે, ત્યારે પૈસા વગેરે મંગાવજો. જાઓ, પ્રભુ આનંદ કરશે.'

એમ આશીર્વાદ આપી એ બન્ને યુવાનોને વિદાય કર્યા. પણ છેવટે સૂચવ્યું કે, 'નર્મદાને કિનારે જજો. ત્યાં દુઃખ નહિ પડે.'

બન્ને ભાઈબંધ ઉત્સાહભેર નીકળી પડ્યા, પરંતુ બાપજીએ અણસારો કર્યો હતો, એ મુજબ બન્ને જણા છેવટે પાછા ફર્યા. તેમને બન્નેને થયું, 'બાપજીની સલાહ, સંકલ્પ કર્યા પહેલાં લીધી હોત, તો સારું થાત.'

## (૧૦)

એકવાર મહાદેવભાઈ દેસાઈ તેમના ભાઈ છોટુભાઈ સાથે બાપજીને મળવા ગોધરા ગયેલા. રાતે દસ વાગ્યે સ્ટેશને ઊતર્યા. બાપજી સામા મળ્યા.

મહાદેવભાઈએ છોટુભાઈને કહ્યું, 'બાપજી તો સામા મળી ગયા !'

બાપજી બન્નેને ઘેર લઈ ગયા. બાપજી કહે,

'સંત આવ્યા.'

બીજે દિવસે સવારે તળાવે નાહ્યા. પછી એમનાં ધોતિયાં પણ બાપજીએ જક કરીને ધોયાં, એટલું જ નહિ પરત ઘેર પાછા જતાં ઊંચકવા પણ ન દીધાં ! બાપજી કહે,

'સંતની સેવા કરવાનો લાભ કાંઈ ઘડી ઘડી મળે છે ?'

પછી ભજન ચાલ્યાં. ત્યાર બાદ સત્સંગ.

બાપજીએ આગ્રહ કરીને એ બન્ને ભાઈઓને એક દિવસ વધારે રોક્યા. જતી વખતે સ્ટેશને મૂકવા ગયા. તેમણે મહાદેવભાઈના હાથમાં વિદાયગીરીના બે રૂપિયા મૂક્યા, એમ કહીને કે,

'તમે બચ્ચાને સંતને ખાલી હાથે પાછા મોકલાય ?'

ગાડીમાં મહાદેવભાઈ બાપજીની વાત કરતાં થાકે નહિ. ભાઈને કહે,

'સંત તે આનું નામ. બે દિવસમાં એમની હાલતમાં કશો ફેરફાર જોયો ? આપણે ગમે તેટલા વિચાર કરીને જઈએ, પણ એમની હાજરીમાં પહોંચતાં જ કેવા તદ્રૂપ અને શાંત થઈ જઈએ છીએ ! કેટલા નમ્ર છે ! નાનામાં

નાનું કામ પણ જાતે જ કરે છે. અને સેવાભાવ કેટલો છે ? આપણને કશું કામ કરવા દીધું ખરું ? શીખવાનું આ જ છે.’

(૧૧)

એકવાર ગોધરામાં બાપજીને ત્યાં એક કાઠિયાવાડી ભગત તંબૂરો લઈને રાતે ભજન કરવા આવેલા. રાતના ભજનમંડળી ભેળા આનંદ રેલાયો. તંબૂરાની ઝમક અને ખંજરીની મીઠી મધુરી રમઝટ, તબલાંનો રણકાર, રણઝણ રણઝલ સૂર ગાણાની એકતા સાથે બુલંદ અવાજની મીઠાશથી ચાલ્યા જ કરતો હતો. અને હરિરસની હેલી જામી ગઈ હતી. અડધા ભક્તો આંખો મીંચી ભજનનો આનંદ માણી રહ્યા હતા. કેટલાક ઉઘાડી આંખ રાખી હરિરસ માણતા હતા. અને બાપજી પોતે સ્વસ્થ અને શાંત ચિત્તે ગંભીર મસ્તીમાં ઓસરીની સાખની નજીક એક ખૂણામાં બેઠા હતા.

આમ, ભજનની મસ્તીભરી રમઝટ જામી હતી, એવામાં એકાએક વચલા ચોગાનના પડખેના લીમડાના મોટા ઝાડમાંથી એક મહાભયંકર કાળો નાગ એક વામથી પણ વધુ મોટો અને જાડા કદનો સડસડાટ ચાલી આવીને તંબૂરાની નજીકમાં ગૂંચળું વળી ફેણ માંડીને બેઠો !

બાપજીએ આ જોયું. એમણે તો અભય અવસ્થા પામી હતી. એટલે બાપજી સ્વસ્થ રીતે આ જોઈ રહ્યા.

તંબૂરાવાળા ભગતજી તો ગાવામાં તલ્લીન થઈ ગયા હતા, ત્યાં ભાન જ ક્યાંથી હોય કે બહાર શું થઈ રહ્યું છે ? બીજા બધા અર્ધખૂલી આંખે બેઠેલા હતા, એમાંથી બે-ત્રણ ભક્તો ધૈર્ય ખૂટવાથી ઊભા થઈ બોલી ઊઠ્યા, 'સાપ ! સાપ !'

પરંતુ ગાવામાં મસ્ત ભક્ત જરાયે ખંડિત થવા દે જ નહિ. બીજા બેઠેલા ઊભા થયા જ નહિ. ઊભા થયેલા શરમાઈને પાછા બેસી ગયા.

આ પણ કપરી કસોટી જ હતી. નિર્ભયતાનો કિલ્લો કેટલોક ચણાયો છે, એની પરીક્ષા આવે ટાણે થાય. સાપનો ભય કોને નહિ હોય ? પણ સૌની સામે નિર્ભયતાની અચળ મૂર્તિસમા બાપજી હાજરાહજૂર હોય, પછી ભય ત્યાં આવે જ શાનો ? બધા શાંત બેસી રહ્યા. નાગ જેમની લગોલગ હતો, તેઓ પણ ન હાલે કે ચાલે !

ચાલતું ભજન પૂરું થયું. એટલે બાપજી શાંત અવાજે બોલ્યા,

'બેઠા છો તેમ બેસી રહો. ઊભા થશો નહિ. તેમ ખસશો પણ નહિ. એ તો ભગત છે. ભજન સાંભળવા આવેલા છે.'

એટલું કહીને નાગબાપાને ઉદ્દેશીને બાપજી બોલ્યા,

'પ્રભુ, તમે આવું રૂપ લઈને શું આવ્યા ? બીજાને

બીક લાગે છે, માટે તમે તમારા ઠામે ચાલી જાઓ.'

ત્યાં તો નાગ ચાલવા લાગ્યો. બાપજી બેઠા હતા એ તરફ વળ્યો અને તેમની પૂર્ણ પ્રદક્ષિણા ફરી લીમડાના ઝાડ તરફ પાછો ફર્યો.

(૧૨)

એકવાર બાપજીની તબિયત સારી ન હતી. એટલે એમને જરા આરામ મળે એ હેતુથી મોહનભાઈ અને હરિભાઈએ તેમને થોડો વખત અમદાવાદ લઈ જવાનું વિચાર્યું.

પણ અમદાવાદમાં બાપજીનો ઉતારો ક્યાં રાખવો, એ સવાલ એ બે ભાઈબંધોને મૂંઝવતો હતો. તે વેળાએ છોટુભાઈ દરૂ અમદાવાદમાં જ રહેતા હતા. તે બાપજીના એક પરમ ભક્ત હતા અને તેમનું ઘર પણ સગવડવાળું હતું. જ્યારે મોહનભાઈ તો એક નાનકડી ઓરડીમાં રહેતા હતા.

મોહનભાઈ અને હરિભાઈ, છોટુભાઈની મુરબ્બી તરીકે આમન્યા જાળવતા હતા. એટલે તેમને ત્યાં બાપજીને ન ઉતારતાં પોતાને ત્યાં લઈ જાય, એ સારું તો ન જ કહેવાય. પણ છોટુભાઈને કહે કોણ ? આમ, બન્ને ભાઈઓ મનમાં મૂંઝવણ અનુભવતા હતા.

ત્યાં તો બાપજીએ જ રસ્તો કાઢી આપ્યો. બાપજીએ મોહનભાઈને કહ્યું,

‘મારે તો તમારે ત્યાં જ આવવું છે, કારણ કે દરૂ માસ્તર તો મોટા, એટલે મારે અદબ રાખીને ટટાર બેસવું પડે. નિરાંતે સુવાય નહિ. માસ્તર એમાં વાંધો ન લે, પણ આપણાથી એમની હાજરીમાં એમ સૂઈ ન રહેવાય. પગ લાંબા થાય નહિ. હવે મારું શરીર ચાલતું નથી. તમે તો છોકરાં, માબાપને કાંઈ છોકરાંની અદબ રાખવાની ન હોય. માટે તમારે ત્યાં જ ઊતરવું છે.’

એક રીતે જોઈએ તો, છોટુભાઈ બાપજીના પરમ ભક્ત-શિષ્ય હતા. બાપજી માટે તેમને ભક્તિભાવ હતો. બાપજી પાસે કુંભારકામ પણ તેમણે બંધ કરાવ્યું હતું અને પોતાના વેતનમાંથી બાપજીના ઘરખર્ચ માટે જોઈતાં નાણાં ખુશીથી આપતા હતા. છતાં સંકોચશીલ, વિનમ્ર બાપજીને મન છોટુભાઈ મોટા માણસ જ હતા !

બાપજી જેવા મહાન સંતપુરુષમાં કેવી અદ્‌ભુત વિનમ્રતા ! **અહંકાર અને દેહાધ્યાસ ટાળવાનું સાધન નમ્રતા અને સેવા છે, એ બાપજી ઠોકી ઠોકીને કહેતા.**

•

॥ હરિઃૐ ॥

(૮)

# બાપજીનો સરળ સદ્‌બોધ

બાપજીની રહેવા કરવાની ગતિ સરળ હતી. તદ્દન સીધા સાદા માણસની જેમ જ બોલવું ચાલવું વગેરે હતું. ભૂલથી પણ કદી પોતાની મેળે જ્ઞાન વેરી દેતા નહિ. કોઈ પૂછે તો મીઠાશથી સરળ ભાવે, સરળ દૃષ્ટાંત આપીને પોતે જે કંઈ કહેવું સૂચવવું હોય તે દર્શાવતા, પણ કંઈ કશાનો આગ્રહ રાખતા નહિ. પૂછે એને જવાબ આપે. પછી પોતે મુક્ત. તેણે જીવનમાં ઉતારવું કે નહિ, એની જવાબદારી તેની.

ઘણાને બાપજી ઘણા ભોળા ભગત જેવા લાગતા, પણ તે દયામય અને કરુણાના સાગર જ હતા. અનેકના તે વિશ્રામસ્થાન હતા. કોઈ પણ એમની પાસે નિર્ભયપણે જઈ શકતું. બાપજીનું દ્વાર સૌને માટે ખુલ્લું. 'આવો પ્રભુ !' એવા ભાવભર્યા આવકાર વચનથી બાપજી અજાણ્યાને પણ આવકારે. આપણા કવિ દુલા કાગે કહ્યું છેને –

*'તારાં આંગણિયાં પૂછીને કોઈ આવે રે,*
*આવકારો મીઠો આપજે રે જી.'*

આવી જ પ્રેમાળ ભાવના બાપજીની હતી. જેવા ભાવથી જે જે આવતા, તે સર્વને બાપજી એ જ ભાવથી ગુપ્ત રીતે મદદ કરતા.

આવનાર દરેકને ઊંચે માર્ગે લઈ જવાની બાપજીની રીતિ જ ઓર હતી. દરેકને ખૂબ વખાણે અને જેમ રાજી

રહે તેમ રાખે. વળી, વચમાં કહેવાનું કહી પણ નાખે, પણ એવું માર્મિક અને એવી મીઠાશથી કહે કે સામા માણસને એની ગમ પડે નહિ. સંતની સાનથી કામ થાય, પણ સાન સમજવી એ કેટલું કઠણ કામ છે ?

સત્સંગમાં ઘણા માણસો બેઠા હોય, છતાં જેને ખાસ કહેવાનું હોય તેને ઉદ્દેશીને ખૂબીથી કહી નાખે અને રસ સર્વને વહેંચતા ચાલ્યા જ જાય. જેને જેમ ફાવે તેમ સમજે, પણ દરેકને એમ લાગે કે મને કહ્યું. જેને ધારીને કહેવું હોય તે કદાચ મોળું પાણી હોય અને ન સમજે, તો તેના તરફ બાપજી હસતાં હસતાં જુએ અને એ વાત તરફ લક્ષ ખેંચે, એટલે પેલો જીવ સાનમાં સમજી જાય. આમ, ઈશારામાં સમજાવી દેતા.

મહાદેવભાઈ દેસાઈ આ બાબતમાં લખે છે,

'સમાગમ દરમિયાન બાપજીને મેં નિરંતર ભગવદ્ ભજનમાં લીન, ભગવત્ ચર્ચામાં લીન, દેહાધ્યાસથી વિમુક્ત જોયા છે, તેવા ભાગ્યે જ કોઈને જોયા છે.

**'निर्मानमोहा जितसंग दोषा**
**अध्यात्मनित्या विनिवृत्तकामाः ।**
**द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसग्ज्ञै-**
**र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥'***

(ગીતા-૧૫/૫)

---

* જે મનુષ્યો માન અને મોહથી રહિત છે. જેમણે આસક્તિરૂપ દોષને જીત્યો છે, જેઓ કામનાઓ છોડીને નિત્ય આત્મસ્વરૂપ ચિંતનમાં રહે છે. જેઓ સુખદુઃખ વગેરે દ્વંદ્વોથી પર થયેલા છે, તેવા વિવેકીજનો તે અવિનાશી પદને પામે છે.

એ વર્ણનને મારી સમજ પ્રમાણે એમનામાં મેં અજબ રીતે મૂર્તિમંત થતું જોયું છે.'

બાપજી સામાન્યપણે ભજનો દ્વારા જ ઉપદેશ આપતા. વાતવાતમાં ભજન ગાય અને તેના પર સરળ ભાષામાં સમજણ આપે. સામાન્ય રીતે ગૂઢ લાગતી વસ્તુ સમજાવવાની બાપજીની રીત અજબ હતી.

અહીં કેટલાક પ્રસંગો આપ્યા છે.

(૧)

કોઈએ બાપજીને પૂછ્યું, 'ગીતાનો સિદ્ધાંત શું છે?'

બાપજી કહે,

'જુઓને, ગીતાનું રટણ કરો, તો ગીતા-ગીતા-તાગી-તાગી એમ સમજાય છેને ! એટલે ગીતાનું રહસ્ય 'તાગી' એટલે ત્યાગીમાં છે. **જેણે દેહબુદ્ધિ ત્યાગી છે, તેણે ગીતાને જાણી.'**

(૨)

એકવાર એક સમર્થ પંડિતે બાપજીને પૂછ્યું,

'મોક્ષનો અર્થ શો થાય ?'

બાપજી સહજ ભાવે બોલ્યા,

'મોક્ષમાં બે શબ્દ છે. મોહ અને ક્ષય. મોહનો ક્ષય એટલે મોક્ષ જ છે.'

એ મોટા પંડિત તો મોક્ષનો આવો નવો અર્થ સાંભળીને ચમકી જ ગયા !

(૩)

કોઈએ બાપજીને પૂછ્યું,

'પાપ અને પુણ્ય, દુષ્કૃત અને સુકૃતની શી વ્યાખ્યા થાય ?'

બાપજીએ એ સમજાવતાં કહ્યું,

'જુઓને, પ્રીતમદાસે ગાયું છેને—'

*'કાચા થઈને કુકર્મ કરશે,*
*પડશે જમના માર જોને.'*

**'આમાં કાચા એટલે દેહાધ્યાસવાળા. દેહને આત્મા માનીને કામ કરનારા.'**

**'એટલે દેહને સાચો માનીને જે જે કર્મ થાય છે તે બધાં કુકર્મ, તે બધાં પાપ.'**

'આત્માને જ સાચો માનીને જે જે કર્મ થાય, તે બધાં સુકર્મ અને પુણ્ય.'

(૪)

કોઈએ પૂછ્યું,

'કવિ અને જ્ઞાનીમાં ભેદ શો ?'

બાપજી કહે,

'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ. અને જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી.'

(૫)

એકવાર ભક્તિના અનેક પ્રકારો અને યોગની અનેક

ક્રિયાઓની ચર્ચા કરનારને બાપજી કહે,

*'જુઓની ભાઈ, એક વાત આપણે તો જાણીએ,*
*'દિલમાં દીવો કરો રે દીવો કરો,*
*કૂડાં કામ ક્રોધને પરહરો. દિલમાં૦*
*દયા દિવેલ, પ્રેમ પરણાયું લાવો,*
*માંહે સૂરતાની દિવેટ બનાવો,*
*પછી બ્રહ્મ અગ્નિને ચેતાવો રે. દિલમાં૦'*

એમ દિલમાં અંધારું ઘોર છે તેને બદલે દીવો કરો, એટલે બધી ભક્તિ, જ્ઞાન, યોગ સધાઈ ગયાં છે.'

(૬)

પોતે વિદ્વાન કે શાસ્ત્રી ન હતા. બાપજી પોતાને તો ભક્તજન જ કહેવડાવવા ચાહતા. બાપજી કહેતા કે,

'આપણે તો જ્ઞાન-બાન કાંઈ સમજીએ નહિ.'

કોઈ આ બાબતમાં ચર્ચા કરવા માંડે, તો બાપજી નમ્રભાવે કહેતા,

'ભાઈ, જાઓ કોઈ શાસ્ત્રી પાસે, તે બધું તમને સમજાવશે. મારા રામ તો કાંઈ જાણતા નથી. એક પ્રભુને ઓળખે છે. તે આ રહ્યો સર્વમાં.'

એમ કહીને આવનારને સંતોષીને મોકલે.

પરંતુ કોઈ વધારે ઊંડાણમાં ઊતરી લમણાઝીક કરે, તો બાપજી પામી જાય કે, આ ભારે અજ્ઞાનનું પૂતળું છે. અનુભવ લેવાવાળો નથી, પણ ભણવાવાળો આવેલો છે. ત્યારે બાપજી મીઠાશથી કહેતા.

'ભાઈ, ભણેલું ભૂલો, તો પત્તો ખાય તેવો છે. જાણપણું એ જ અજ્ઞાનપણું.'

(૭)

એકવાર મહાદેવભાઈએ બાપજીને કહ્યું :

'મારો તો ઓશિયાળો અવતાર છે ! ભણ્યો તે પણ લોકોને પૈસે, લોકો પરમાર્થ કરે છે અને હું તેનો લાભ ઉઠાવું છું !'

બાપજી પ્રેમભર્યા અવાજે બોલ્યા,

'એનો સંતાપ કરવાનો ન હોય. નાટક જોવા જાઓ છોને ? કોઈ રાજા થઈને આવે છે. કોઈ સિપાઈ થઈને આવે છે, પણ તેમને પોતાનો પાઠ જ ભજવવાનો હોય છે. રાજા પણ જાણે છે કે, હું તો નટ છું. ભૂલ પડી અને પાછળ પડી ગયો, તો મૅનેજરના કોરડા પડે છે.

તેમ આપણને દુનિયામાં પ્રભુએ પાઠ ભજવવા મોકલ્યા છે. જે પાઠ એણે આપ્યો હોય, તે બરાબર ભજવવો જોઈએ. બીજો ત્રીજો વિચાર કરવાનો ન હોય. ગમે તેવી જગ્યા ઉપર હોઈએ, તોપણ એમ જ માનવું કે, આપણને નાટક ભજવવા જ મોકલ્યા છે.

ધણી તો પ્રભુ છે. તેણે સોંપ્યું છે, તે આપણે કરવાનું છે. માટે આવા વિચાર ન કરવા.'

(૮)

અનુભવજ્ઞાન અને વેદાંતજ્ઞાનમાં ઘણો મોટો

તફાવત છે, એ બાપજી ઘણી સ્પષ્ટતાથી અને સરળતાથી સમજાવતા. બાપજી તો કહેતા કે,

'અનુભવ કરવાવાળાને વેદાંતના કૂચાની બિલકુલ જરૂર નથી. જે અનુભવી સંત છે, તે ભણ્યાગણ્યા વગરની ગણતરીમાંથી ઝટ જડશે.

જે અનુભવજ્ઞાન જેમાં પરમાત્મતત્ત્વ એકલું જ છે, તે પરમાત્મા શરીરમાં પ્રગટ છે. જે સમર્થ ગુરુ મળે અને પ્રગટ બતાવે, એટલે વગર ભણેલાને વગર ભણ્યે પરમાત્મા પ્રગટ મળી જાય. એને વેદાંતની ક્યાં જરૂર રહી ? કશુંયે ભણવાની કે જાણવાની કડાકૂટ શી બાકી રહે ?

વાત માત્ર હવે ભણેલાની રહી. ભણેલા એટલે વિચાર કર કર કરે. અનુભવીને ભણેલાને બધું ભુલાવી સીધે રસ્તે લાવતાં ઘણી જ વાર લાગે, કારણ કે ભણેલા એટલે ડહાપણ છોડી ઝટ માને નહિ અને વસ્તુ ઓળખતાં જેમ ચિકાશ વધુ કરે, તેમ છેટે જ રહે !'

બાપજી પાસે ભણેલાગણેલા પણ આવતા. ભણેલા વાદવિવાદ કરે. એટલે આગળ ચાલ્યું. ટૂંકામાં સરે જ નહિ. અને ગયું તે ગયું ! આવવાનું હોય, તે તો પહેલે જ સપાટે જે કહે તે સાચું માન્યું કે, વસ્તુ જ બતાવી દીધી. અને રહ્યા તે રહ્યા !

બાપજી આ વાત સમજાવતાં કહેતા,

'મોર પત્ની પડતું બિંદુ ગ્રહે,
તેનો થાયે મોર,
પડ્યું ગ્રહે તેની થાયે ઢેલ.'

**'તેમ ગુરુનો-અનુભવીનો પડતો બોલ જો હાથ ધર્યો અને તે નિઃશંકપણે ગ્રહણ કર્યો, તો તે જ પળે ઘાટ બેઠો.**

અને ભણવા બેઠા અને સવાલજવાબ થયા, એટલે ચાલી નિશાળ, ભણ્યા કરો પાર આવે જ નહિ ! ટૂંકી વાતનાં ભણતર શાં ? પ્રભુ છે, જો આ રહ્યો, એમ સહેજે ગુરુ બતાવે, તેમાં કયા પુસ્તકની મદદ જોઈએ ?

આ તો છે અનુભવજ્ઞાનની રીત. બાકી, મનને ગમતું મીઠું વેદાંત આમ કરો, આ પહેલું પગથિયું વગેરે ચઢઊતર કર્યા જ કરો. જિંદગી આખી વહે, તોપણ અનુભવનો સ્વાદ આવી રહ્યો. મનની કૂદાકૂદ. ભેગા કૂદો તો કોઈ દિવસ અનુભવ થાય નહિ.'

**'જેમ કચરો ઓછો, તેમ જ્ઞાન સહેલું ને વહેલું.'**

પછી બાપજી એક મજાનું દૃષ્ટાંત આપે,

એક અનુભવીએ પાટિયું મારેલું.

'ભણેલાની બે રૂપિયા ફી અને અભણની એક રૂપિયો.'

આ વિચિત્રતા જોઈ કોઈ દુકાને આવીને પૂછે,

'ભાઈ, આનું કારણ શું ? ભણેલાને વળી બેવડી ફી ? આ તે વળી કેવું ?'

તો અનુભવી કહે,

'હા, એમ જ છે. ભણેલો હોય તે હું જાણું છું કરી ડહાપણ બહુ કરે અને કામ સીધું ચાલવા ન દે. અને બિચારો અભણ કંઈ જાણતો ન હોય, એટલે કહીએ કે આમ છે, એટલે તરત કામ પતી જાય.'

આમ, વેદાંત અને અનુભવમાં આવો ફરક છે. જેને જેમ ગોઠે તેમ કરો.

(૯)

વલસાડ જેવા સ્થળે વેદાંતજ્ઞાની વિદ્વાનો ઘણી વાર જ્ઞાનની ચર્ચા ઉપાડે, ત્યારે બાપજી માત્ર ચર્ચાને ખાતર થતી ચર્ચાને વળાંક આપતાં હસતાં હસતાં ગાવા માંડે,

*'સમજણ વિના રે સુખ નહિ તુજને રે,*
*વસ્તુગતિ કેમ કરી ઓળખાય ?*
*આપમાં વસે છે આપનો આત્મા રે,*
*તેણે કાંઈ જીવપણું નવ જાય.*
*રવિ ઊગે રે નિજ ગુરુજ્ઞાનનો રે,*
*થનાર હોય તે સહેજે થાય.'*

પછી બાપજી બીજું ભજન લલકારે,

**'પંડિત પ્રીત જો રે, ભાઈ આપ ટળે ભવ પાર.'**

અને પછી મીઠું સ્મિત ફરકાવતાં બાપજી ગાવા માંડે,

*'સંતો ભાઈ, સમજણ કી એક બાત,*
*સમજ્યા સોઈ નર ફેર ન બોલ્યા,*
*છોડ દિયા સકલ ઉધમાત...'*
આમ, ભજનની રમઝટ ચાલે,
*'પ્રાણી પ્રીછજો રે, એ સંતકેરી સાન,*
*અન્ય સાધન સાંભળી તું મેલા કાં કરે કાન ?'*

સૌ વિદ્વાનો બાપજીનાં આવાં ભજનો સાંભળીને શાંત થઈ જાય.

(૧૦)

દેહનું મિથ્યાત્વ સમજાવતાં બાપજી કહેતા,

'ભાઈ, આ શરીરનું તે શું અભિમાન કરવા જેવું છે ? એ તો પડ ઢાંકેલું છે ત્યાં લગી. બાકી જો હમણાં અંદરનો રોગ ઉપર દેખાય તો પરુ ! અને માખીઓ બણબણ કરે, તો કોઈથી પાસે પણ ન અવાય ! ઠીક છે, પ્રભુએ ઉપરથી ઢાંકીને રૂડું બનાવ્યું છે. શું છે ? અખો કહે છે તેમ-'ચીંથરાંનો સંસાર.' કપડાં પહેરી ઉપરની શોભામાં લોભાવાનું છે.'

(૧૧)

બાપજી સ્નાનાદિથી પરવારીને એકાંત ભજનધ્યાનમાં બેસતા.

કોઈ ભક્તે કુતૂહલવશ બાપજીને પૂછ્યું :

'બાપજી, તમે કોનું ધ્યાન ધરો છો ?'

'તમારું.'

એટલું કહીને થોડી વાર થોભીને ખુલાસો કરતાં બાપજી કહે,

'ઈશ્વરની નીતિ ચોખ્ખી પાળવી જોઈએ. અને દેહ છે, ત્યાં સુધી દરેક કર્તવ્યનું પાલન થવું જ જોઈએ.'

'જો હું તેમ ન ચાલું, તો તમે બધા પણ તેમ જ ખોટે રસ્તે ચાલો. ગીતાજીમાં પણ ભગવાન શું કહે છે? મોટા માણસોને રસ્તે જ દુનિયાદારીના જીવો ચાલે છે. માટે, તેમણે તો ચોખ્ખી નીતિ જ રાખવી ઘટે છે.'

(૧૨)

બાપજીની તબિયત બગડવાથી તેમને ઈસ્પિતાલમાં રાખવામાં આવ્યા હતા. ત્યાં પણ સત્સંગ અને ભજનનું વાતાવરણ બાપજી સર્જી દેતા હતા. ભક્તજનો મળવા આવે તેમની સાથે તબિયતની વાતચીતને બદલે ઈશ્વરી સત્ય-તત્ત્વની જ વાત બાપજી કરતા. આજુબાજુના દરદીઓ પણ એ સાંભળવા બેસતા.

બાપજી, મોહનભાઈ વગેરે ભક્તજનોને ભજન ગાવા કહેતા અને કહે,

'હંમેશાં સત્સંગ વિના મન બગડી જાય. માટે, આપણે તો આપણો વેપાર છે તેજ કર્યા કરો. પરાયા વેપારમાં ધ્યાન રાખવાથી આપણા વેપારમાં જયવારો ન આવે.'

ઈસ્પિતાલના દાક્તરે બાપજીને બહુ બોલવાની ના પાડી હતી, એટલે કોઈ બાપજીને કહે,

'આપ થોડીવાર શાંતિથી પડી રહો. દાક્તરે બહુ બોલવાની ના પાડી છે.'

એટલે બાપજી મધુર સ્મિત ફરકાવતાં કહે,

'ભાઈ, ભલેને દાક્તરે ના પાડી. પણ મારા મોટા દાક્તરે થોડી ના પાડી છે ? આ તો ઠીક છે બધું. દાક્તરો તો ના પાડ્યા કરે !'

(૧૩)

મોહનભાઈ ગાંધી બાપજીનાં દર્શને પહેલી વાર ગયા હતા, ત્યારે સાથે કૅમેરો લઈને ગયા હતા. વાતચીત પૂરી થતાં મોહનભાઈએ વિનંતી કરતાં કહ્યું,

'બાપજી, મારો વિચાર તમારો ફોટો લેવાનો છે. તમે રજા આપો, તો સારું.'

બાપજી હસતાં હસતાં કહે,

**'આ જૂઠાની શું છબી પાડો છો ? સાચો જે અંદર બિરાજે છે, તેની છબી લેતા હો તો લો. તેની છબી પાડતાં આવડે છે ? તે છબી તો અંતરમાં કોતરવા જેવી છે.'**

(૧૪)

એકવાર એક ભક્તે વિધિપૂર્વક ગુરુદીક્ષા લેવાની ઇચ્છા બાપજી આગળ દર્શાવી.

બાપજીએ તેને સમજાવતાં કહ્યું,

'ભાઈ, બીજાની દેખાદેખીનું અનુકરણ કરવાની

કંઈ જ જરૂર નથી.'

'જે કરવાનું છે, તે માનવાનું છે. મનથી માનો અને ગુરુ કહે તે પ્રમાણે ચાલો. અને જો બાહ્ય દેખાવ કરશો અને કહ્યા પ્રમાણે નહિ ચાલશો, તો તેથી પણ શો અર્થ સરવાનો છે ? માટે, એવો દેખાવ કે બાહ્યાચાર કરવાની જરૂર નથી. જ્યાં ખરો વૈરાગ્ય જાગ્યો હોય, ત્યાં ગમે તેવી વસ્તુનો રાગ ક્યાં રહ્યો ?'

એટલું કહીને બાપજીએ અખાનું પદ ગાયું,

*'જે કીજે તે સર્વે રાગ, રાગ વિના ન ઊપડે પાગ,*
*શુદ્ધ વૈરાગ્ય ગોળીની ચોટ, લાગે તો થાયે લોટપોટ.*
*જે વૈરાગ્ય દેખાડે કરી, એ તો મનકેરી મશ્કરી,*
*અખા તે વૈરાગ્ય વિચાર, વેશ તુંને નહિ મૂકે પાર.'*

## (૧૫)

*'માયા મળી ને મોજ ના માણી,*
*કહું એના કરમની કહાણી,*
*ક્યાં તો ભાગ્ય ભળ્યું બીજાનું,*
*ક્યાં તો ખોટી કમાણી.'*

આમ કહીને બાપજી એનો ભાવાર્થ સમજાવતાં કહે,

'પૈસા, સમૃદ્ધિ મળવા છતાંયે ન પોતે મોજ કરે, ન સામાને કરાવે કે ન પરમાર્થ અર્થે વાપરે. તેના કરમની એવી કહાણી થાય કે ક્યાં તો એની પછી બીજો

જ વાપરવા નીકળે તેનું ભાગ્ય હોય, ક્યાં તો જેમાંથી દુખાવી, ગરીબોનાં ગળાં રહેંસી કરેલી કમાણી સુખ લેવા ન દે.'

'માટે, દરેક કમાણીમાંથી યત્કિંચિત્ પણ સુમાર્ગે ખર્ચવા વૃત્તિ રાખવી. પાપ ન કરવું એ વધારે સારું છે, પરંતુ જો જાણેઅજાણે થઈ જ જાય, તો પુણ્યની દિશા પણ સાથે રાખવી જ.'

(૧૬)

*'સંત મિલન કો જાઈએ, તજ માયા અભિમાન,*
*ડગલે ડગલે યજ્ઞ ફળ, એમ કહે શ્રીભગવાન.'*

આમ કહી બાપજી કહેતા,

'કોઈ સંત પાસે જવું તો તેની પરીક્ષા લેવી કે તેનું પારખું જોવું, એવી રાગદૃષ્ટિ કરવી નહિ, અને માયા, અભિમાનનો ત્યાગ કરવો કે હું કાંઈ નથી. મોટપ શી વસ્તુ છે ? મોટો તો માયામાં. ઈશ્વરી પદે જતાં શું છે ? એમ વિચારી અહંકારનો ત્યાગ કરી દર્શન સુધ્ધાં થાય, તો જ તે ફળે છે અને ડગલે ડગલે યજ્ઞ ફળ થાય.'

(૧૭)

છેલ્લે છેલ્લે બાપજીની તબિયત ગંભીર થઈ ગઈ હતી. દાક્તરે બોલવાની સખત મનાઈ કરી હતી, એટલે કોઈ બાપજીને કંઈ પૂછે, તો સ્લેટ પર લખીને જવાબ આપતા.

કોઈ ભક્તે બાપજીને પૂછ્યું,

'બાપજી, આપને લોહીની ઊલટી થાય છે, એ જાણી અમને ચિંતા થાય છે. આપ જેવાને આ કષ્ટ શા સારુ ?'

બાપજીએ હસીને લખ્યું,

'લોહી ઘણું વધી પડ્યું હશે, એટલે નીકળી ગયું.'

ભક્તે પૂછ્યું,

'આપના જેવા નિર્વિકારીને પણ એ શાને ?'

બાપજીએ એનો જવાબ હસતાં હસતાં લખી આપ્યો,

'હું સંત નથી, સાચો ભક્ત નથી, હું તો પરમાત્મા રાખે તે રીતે રહેવામાં આનંદ માનનારો છું.'

જરા અટકીને વળી પાછું લખ્યું,

'આ દેહ તો જડ છે. એક ચેતન પરમાત્મા સત્ય છે, તેણે દેહને જેમ રાખવો હોય તેમ રાખે. અને આ દેહને જે જે થાય છે તે એ જાણે.'

• • •

બાપજીએ ઉપદેશાત્મક ઘણાં ભજનો પણ લખેલાં છે. એનો એક સંગ્રહ **'પરિચિત પદસંગ્રહ'** નામે પ્રસિદ્ધ થયો છે. બાપજી પોતાને 'દીન ભગત' તરીકે ભજનોમાં લખતા. ઉદાહરણ તરીકે એક ભજન લઈએ.

‘બ્રહ્મ સાગર છે મોટા, જગ પાણીના પરપોટા,
કોણ નાના ને કોણ મોટા, જગ પાણીના પરપોટા,

અનેક તપ કરી થાક્યા, અનેક ધ્યાન ધરી થાક્યા,
મનથી માને સૌ મોટા જગ૦
અનેક જોગ લઈ થાક્યા, અનેક ભોગ કરી થાક્યા,
મનથી માને છે મોટા જગ૦
ચક્રવર્તી રાજ કરી થાક્યા, ભંડાર ભરીને નાઠા,
અભિમાનથી માને સહુ મોટા, જગ૦
ખેલાડી ખેલ કરી થાક્યા, જોનાર જોઈ જોઈ થાક્યા,
ખોટાના ખેલ સૌ ખોટા, જગ૦
મિથ્યા મનના ગપોટા, દુઃખી સૌ નાનાં ને મોટાં,
**દીન ભગત** પણ ખોટા, જગ પાણીના પરપોટા.’

•

॥ હરિ:ૐ ॥

(૯)

## બાપજીની માંદગી

એકવાર બાપજી વલસાડ ગયા હતા. ત્યાં તેમને થૂંકમાં થોડું લોહી પડેલું. એનો ઉપચાર ત્યાં તાત્કાલિક કરવાથી લોહી પડતું બંધ થયું હતું, પણ થોડા દિવસો પછીથી પાછું લોહી પડવાનું શરૂ થઈ ગયું હતું.

ત્યારથી બાપજીના શરીરમાં માંદગીએ કાયમનું ઘર ઘાલ્યું. અંત સુધી માંદગી ચાલી.

બાપજી પણ આ પામી ગયા હતા. એટલે ઘણી વાર ગાતા,

'શામળિયા, સઢ તૂટ્યો રે, હોડી હવે હાલે નહિ,
આ ભવસાગરકેરા રે, ઝપાટા તો ઝાલે નહિ !'

લોહી પડ્યું ત્યારથી કંઠની મીઠાશ ગઈ તે ગઈ ! અવાજ પણ જરા ઘોઘરો બની ગયો. ખાવામાં પણ હવે સાવચેતી રાખવાની થઈ.

પણ આપણાં માજી એમાં પણ આડાં આવ્યાં ! એમની કટકટ વધવા લાગી. બિચારા બાપજી પીડાતા હોય, ત્યારે માજી વાગ્બાણ છોડે ! એમની બુમરાણ વધી ગઈ. આવો ઉત્પાત બાપજીના અંતિમ કાળ સુધી ચાલ્યા જ કર્યો, અરે ! વધતો જ ગયો. વિધિની શી વિચિત્રતા !

આટલું ઓછું હશે, એટલે એમાં વધારો જ થતો ગયો. કાને પણ વિદાય લીધી !

કંઠ અને કાન ગયા ! શરીર પણ અશક્ત થવા લાગ્યું. પછી આવ્યો દાંતનો વારો.

એટલું પત્યું, ત્યાં તો આંખનો વારો આવ્યો. એટલે અમદાવાદમાં ઇસ્પિતાલમાં એક આંખનો મોતિયો ઉતરાવ્યો, પણ આંખમાં દવા નાખતાં બીજી ઉપાધિ ઊભી થઈ. બાપજીનો પેશાબ સમૂળો બંધ થઈ ગયો ! ખૂબ અકળામણ થવા લાગી. દાક્તરના ઇલાજ પણ કારગત ન થયા.

હવે શું કરવું ? છેવટે દાક્તરે કૅથેટર મૂકી પેશાબ કરાવ્યો, પણ થોડી વાર પછી પાછો પેશાબ અટકી ગયો. કુદરતી રીતે પેશાબ થાય જ નહિ. કૅથેટર મૂકવાથી પીડા પણ બહુ થતી !

આખરે મોહનભાઈએ એમના પિતાજીને નડિયાદ ખબર આપી. તે વૈદું સારું જાણતા હતા. તેમણે દવા મોકલાવી, તેથી પેશાબ કુદરતી રીતે થવા લાગ્યો.

પણ ત્યારથી આ બધી પીડા વારે વારે ઊપડી આવતી. મોહનભાઈ અને હરિભાઈ બાપજીની સેવામાં છેવટ સુધી હાજર રહ્યા. એથી, બાપજીનું સચવાઈ જતું.

બાપજી તો આ પરિસ્થિતિમાં પણ મનની શાંતિ જાળવી રાખતા. દુઃખને સ્વસ્થતાથી સહન કર્યે જતા

હતા, પણ માજીની આડખીલી ખૂબ જ નડતી. કશું કામ સરળ રીતે ચાલવા જ ન દે. એથી, બાહ્ય રીતે બાપજીને સારી પેઠે સહન કરવાનું થતું.

પણ આવી દશામાં પણ બાપજીનો અંદરનો-માંહ્યલો સાબૂત હતો. સત્સંગ વખતે માંદગી અને આ બધી પીડા તેટલો વખત ક્યાંય જતી રહેતી.

એ છેવટના દિવસોમાં મહાદેવભાઈ બાપજીને મળવા એકવાર મુંબઈ ગયા હતા. તે છેલ્લા મેળાપ વખતની વાત કહેતાં મહાદેવભાઈ લખે છે,

'બાપજીને અનેક વાર પુષ્કળ લોહી પડ્યું એ સાંભળીને હું મુંબઈ ગયો હતો. હું ગયો તેને બે ત્રણ દિવસ આગળ એમને લાગટ લોહી પડ્યું હતું અને પથારીવશ હતા.

હું ગયો એટલે બાપજી ઊઠ્યા. અને ઊઠ્યા એટલે દઢાસન વાળીને કલાક દોઢ કલાક એવા ટટ્ટાર બેઠા કે ઘોડા જેવી તબિયતવાળો હું એટલો ટટ્ટાર કદી બેસતો નથી'

આવા સ્વસ્થ હતા બાપજી. તેમની દશા દેહાતીત હતી. આ વાત બાપજીના દેહાવસાનના દોઢ મહિના પહેલાંની જ છે.

પછી પેશાબની પીડા વધવાથી સ્વ. શેઠશ્રી વીસનજીભાઈના દીકરાઓએ બાપજીને મુંબઈની જાણીતી

હરકિશનદાસ હૉસ્પિટલમાં ખાસ સગવડ કરીને રાખ્યા હતા. દાક્તરો તનતોડ ઈલાજ કરતા હતા, પણ તેમનું કશું ચાલતું ન હતું.

એ સમયનો એક પ્રસંગ જાણવા જેવો છે. હૉસ્પિટલમાં બધી નર્સ અને સિસ્ટરોનાં ઉપરી તરીકે, મેટ્રન તરીકે એક અંગ્રેજ બાઈ હતાં. તે બાપજીને જોવાં આવતાં.

બાપજીનો આવી અસહ્ય પીડામાં પણ શાંત ચહેરો જોઈને એ બાઈને એમના વિશે જાણવાનું મન થયું. મોહનભાઈએ તેમને અંગ્રેજીમાં જણાવ્યું કે, સંતપુરુષ છે.

મેટ્રનને બાપજી પ્રત્યે આદરભાવ જાગ્યો. તે વારે વારે આવીને બાપજીના પગ ઉપર હાથ ફેરવ ફેરવ કરતાં.

મેટ્રનના એક હાથને વીજળીનો આંચકો લાગવાથી ચેતન જતું રહી આંગળાં જડ જેવાં થઈ ગયાં હતાં, વળી શકતાં પણ ન હતાં.

બીજે દિવસે સ્નાન કરતાં એ હાથનાં આંગળાં વળવાં લાગેલાં જોઈને મેટ્રન ખૂબ આશ્ચર્ય પામ્યાં ! તેમને ખાતરી થઈ ગઈ કે, બાપજી સંતનાં ચરણસ્પર્શનો જ આ પ્રતાપ છે.

આ વાત મેટ્રને મોહનભાઈને બધાંની વચ્ચે કહી :

'Would you believe. I feel something extra-ordinary.' (તમે માનશો ? મને અસાધારણ અનુભવ થયો છે.)

એ મેટ્રનને વધારામાં એ વાતનું આશ્ચર્ય થતું હતું કે, દરદી તરીકે આવનાર આ સંતે વગર દવાએ પોતાનો હાથ શી રીતે સાજો કર્યો ? જ્યારે પોતે દરદી તરીકે ઈલાજ કરાવવા ઈસ્પિતાલમાં દાખલ થયા હતા !

આવો હતો બાપજીનો પ્રભાવ !

કહ્યું છેને—**'परोपकाराय सतां विभूतयः !'** સત્પુરુષની આત્મશક્તિ બીજાના ઉપયોગ માટે જ, પરોપકાર અર્થે જ હોય છે. એ શક્તિનો ઉપયોગ તેઓ પોતાને માટે કદી પણ કરતા હોતા નથી.

હવે જરા આપણાં માજીનો-બાપજીનાં ધર્મપત્નીનો પ્રભાવ જોઈએ.

દેહાવસાનના થોડા દિવસ પહેલાંની આ ઘટના છે. મોહનભાઈને થયું કે એક પોચું ગોદડું પથારીમાં વધાર્યું હોય, તો આખો દિવસ સૂઈ રહેવાથી બાપજીને પાસાં તપે છે એમાં કંઈક રાહત મળે.

એટલે તેમણે માજીનું એક ગોદડું કાઢી લઈ એની જગ્યાએ નવાં બે પોચાં ગોદડાં પાથર્યાં. અને પેલું ગોદડું બાપજીની ઓરડીમાં રાખી મૂક્યું.

રાતે બાર વાગ્યે પેશાબ કરવા બાપજી ઊઠ્યા. એ તકનો લાભ લઈ મોહનભાઈએ પેલું ગોદડું બાપજીની પથારી પર પાથરી દીધું.

રાતે એક વાગ્યો. માજી પોતાના ઓરડામાં જાગતાં

પડી રહ્યાં હતાં. દિવસે બરોબર ઊંઘી લે, એટલે રાતે ઊંઘ સ્વાભાવિક રીતે ઓછી આવે.

માજીએ મોહનભાઈને બોલાવ્યા અને કહ્યું,

'મારું ગાદલું કોણે લીધું ?'

મોહનભાઈએ માજીને સમજાવતાં કહ્યું :

'બા, બાપજીને પથારીમાં સૂતાં પાસાં તપે. કેટલાયે મહિનાથી ચોવીસે કલાક બાપજીને પથારીમાં સૂઈ રહેવું પડે છે. એટલે મેં તમારું જૂનું ગાદલું લઈને એમને પાથર્યું છે અને તમને બીજાં બે નવાં ગાદલાં પાથર્યાં છે.' બાપજીને થોડી રાહત મળે એ માટે મેં આમ કર્યું છે.'

આ સાંભળીને માજી ભભૂકી ઊઠ્યાં,

'એમને બે ગાદલાં તો છે જ પછી એટલાં બધાં ત્રણ-ત્રણ ગાદલાં શા માટે ? મારાં નવાં ગાદલાં કાઢી નાખો અને મારું પેલું ગાદલું પાછી કાઢી આપો. મને તો તપી આયું છે ! મારી તો કોઈને પડી જ નથી, બસ બાપજી ! બાપજી !'

મોહનભાઈએ ધીરેથી કહ્યું,

'બા, બાપજી સૂઈ ગયા છે. સવારે કાઢી આપીશ. હમણાં ચલાવી લો.'

માજી હઠ કરીને કહે,

'ના, હમણાં જ કાઢી આપો. આ નવાં ગાદલાં તો

મને ખૂંચે છે. મને તો તાવ ભરાયો છે. જલદી એ ગાદલું કાઢી લાવો.'

મોહનભાઈએ મહામહેનતે માજીને મનાવીને શાંત પાડ્યાં.

આ તરફ બાપજીને કંઈક સમજ પડી ગઈ હતી. કાને આમ તો સંભળાતું ન હતું. છતાં અંતરસૂઝથી પરિસ્થિતિ પામી ગયા હતા.

રાતે બે વાગ્યા હતા. તેમણે મોહનભાઈને પાસે બોલાવીને ધીરે મંદ અવાજે કહ્યું,

'પ્રભુ, આ એક ગાદલું શું કામ વધાર્યું ? મને ફાવતું નથી. એ કાઢી નાખો તો સારું. બહુ જ પોચું થઈ ગયું છે. બહુ પોચું હોવાથી હું જરા બેઠો થવા જાઉં કે ખસવા કરું, ત્યારે હાથ અંદર ખૂંપી જાય અને ખભા ઉપર વધુ જોર દેવાથી દુઃખે.'

'મને પોચાની શું જરૂર છે ? જમીન હોય તોય સારું. પથ્થર જેવું જ જોઈએ. પંચાત જ નહિ. લો, આ બધું જ કાઢી નાખો. એક શેતરંજી ઉપર સૂવા દોને ! નિરાંતે સુવાય.'

મોહનભાઈએ એક રાત આમ જ સૂવા જણાવ્યું.

પણ બાપજી કહે,

'ના, ભાઈ ! ના, મને ફાવતું નથી.'

આખરે ચાર વાગ્યે ગાદલું કાઢી જ લેવું પડ્યું.

માજીવાળું ગાદલું કાઢી લીધું, એટલે બાપજી કહે,

'બસ ભાઈ, હવે ઠીક. બહુ હોય ત્યારે અંદર કળી જવાય. એ તો શેઠિયાઓને જોઈએ. આપણે કંઈ ઓછા શેઠ છીએ.'

આમ, બાપજી પરાયું સુખ ઇચ્છી સ્વાત્મભોગ આપતા જ ગયા. સંત એ મોટા શાથી ? તો આવી રહેણીથી.

છેવટના દિવસોમાં બાપજી પથારીમાં શાંત પડી રહેતા. પાણી પીવું છે કે એવું જ કંઈ માત્ર બોલવાનું થતું. મોહનભાઈએ બાપજીની આવી દશા જોઈને બાપજીને પૂછ્યું,

'બાપજી, જ્ઞાનાગ્નિ પ્રગટે ત્યાં પ્રારબ્ધ તો ભસ્મ થઈ જાય. તો પછી આ કઈ જાતનું પ્રારબ્ધ આપે ક્યાં રાખી મૂકેલું કે જેથી હજીયે આટલી ઉચ્ચ સ્થિતિએ આ દુઃખ ભોગવો છો ?'

બાપજી શાંત સ્વરે ધીમે અવાજે બોલ્યા,

'મોહનભાઈ, આ એ રહેણીનું એક લાકડું.'

મોહનભાઈએ કહ્યું,

'જો આવું જ છે, તો તમે તેને હવે ધક્કેલી દોને ?'

બાપજી આછું સ્મિત ફરકાવતાં કહે,

'હવે શા સારુ ? આખી જિંદગી વેઠ્યું. હવે કેટલો વખત ? હવે પત્યો ખેલ.'

●

॥ હરિ:ૐ ॥

(૧૦)

# અંતિમ વિદાય

હવે, અંતિમ વિદાયનો સમય નજીક આવતો હતો. બાપજીએ દેહ છોડવાનો દિવસ અને સમય પણ નક્કી કરી દીધો હતો.

ત્રણેક દિવસ અગાઉ મોહનભાઈને પાસે બોલાવીને કહી દીધું હતું,

'હવે હું જાઉં છું. નક્કી દિવસ તમને જણાવીશ. મારા ઓરડામાં કોઈને આવવા ન દેશો.'

મોહનભાઈ, એમના એક વિદ્યાર્થી વાઘજીભાઈ એ બે જ જણ હતા. પછી હરિભાઈ અને બાપજીના ભત્રીજા જોડાયા. બાપજી પાસે એક જણ બેસતું. બાકીના બહાર બેસી કોઈ ઓરડામાં પેસી ન જાય, એનું ધ્યાન રાખતા.

પણ બહાર ભક્તો આવીને બેઠા હોય. એનો ખ્યાલ આવતાં બાપજી કહે,

'બહાર કોણ કોણ બેઠું છે ? બિચારા ભાવ કરીને આવે. માટે થોડી વાર આવવા દો.'

ભક્તો બાપજીને પ્રણામ કરી જરા ઊભા રહેતા. બાપજી પણ સામે હાથ જોડી પ્રણામ કરતા. આમ, વચ્ચે વચ્ચે ક્રમ ચાલતો.

જવાનો દિવસ આવ્યો. સવારથી બાપજી શાંતિથી, પ્રસન્નતાથી એ ઘડીની રાહ જોવા લાગ્યા.

તે દિવસે અવાજ પણ જરા ઊઘડ્યો. બાપજી મોહનભાઈને કહે,

'હવે ઓરડામાં કોઈને આવવા ન દેશો. તમે એકલા જ મારી પાસે બેસજો. મને હવે શાંતિની જરૂર છે.'

મોહનભાઈને બાપજીએ કહી રાખ્યું હતું કે,

'આજે રાતે બાર વાગ્યે દેહ છોડવા માંગું છું. માટે, તમે અહીં બેસી રહેજો.'

સાંજે છ એક વાગ્યે બાપજી કહે,

'પ્રભુ, હવે મારે સ્નાન કરવું છે. ચોગાનમાં બેસીને. માટે ખાટલામાં બેસાડી લઈ જવાની ગોઠવણ કરો.'

બાપજીની અશક્ત સ્થિતિ જોઈને મોહનભાઈએ કહ્યું :

'પ્રભુ, ટુવાલ ભીનો કરી લૂછી નાખીએ તો ?'

બાપજી ના પાડતા કહે,

'નહિ. ખુલ્લામાં નાહવું છે. આવો અપવિત્ર જાઉં ? હવે છેલ્લો દિવસ.'

કાશીનાથે પાણી ગરમ કરવા મૂક્યું.

તે દિવસે મોહનભાઈ, હરિભાઈ, વાઘજીભાઈ, બાપજીના ભત્રીજા અને ઘરનો નોકર કાશીનાથ એટલા જ જણ બાપજીની સેવામાં રાખ્યા હતા.

પાણી ગરમ થઈ ગયું, એટલે બાપજી કહે,

'ખાટલો લાવો. એમાં બેસાડીને નાહવા લઈ જાઓ.'

હરિભાઈ અને મોહનભાઈ, બાપજીને નવડાવે અને

બાપજીના ભત્રીજા અને વાઘજીભાઈ બહારથી પાણી આપે, એવી વ્યવસ્થા કરી હતી.

ખાટલા ઉપર કપડાં પાથરી ઊંચકીને બાપજીને બેસાડવા લાગ્યા. હવે તો બાપજી જુદી જ શક્તિ ધારણ કરી રહ્યા હતા. કહે, ‘ધીરેથી બેસું છું.’

એમ ગબડી પડ્યા સિવાય બેઠા પણ ખરા. આમ તો એમના શરીરમાં શક્તિ હતી જ નહિ. છતાં આ વખતે સ્ફૂર્તિમાં લાગ્યા.

એવામાં ‘જાજરૂમાં મૂકી આવો.’ એમ કહેવાથી બાપજીને ઊંચકીને જાજરૂમાં બેસાડ્યા. ત્યાં હંમેશની માફક મોહનભાઈ જ ઊભા રહ્યા.

ત્યાંથી પરવારીને બાપજીને નાહવાની ઓરડીમાં મૂક્યા.

બાપજી કહે,

‘હું મારી મેળે નાહીશ, તો જ મને શાંતિ થશે.’

આ તો પહેલાંની રહેણીના ઉદ્ગારો સ્વાભાવિક રીતે વાણીમાંથી ઝરતા હતા ! પોતે બીમાર છે, એનું છેક જ વિસ્મરણ હતું. લોટો તો ઊંચકી શકાય નહિ એ સ્થિતિમાં પોતાની મેળે નાહવાનું !

નાનો લોટો અડધો ભરી તેમના હાથમાં મૂક્યો અને પગ પર પાણી રેડી શરૂ કર્યું કે, મોહનભાઈ અને હરિભાઈએ હાથ ફેરવી બાપજીને સ્નાન કરાવી દીધું.

ટુવાલથી શરીર ધીરેથી દાબી દાબી લૂછી નાખ્યું.

સ્નાન પછી ગરમ કામળો ઓઢાડીને હૂંફાળા રાખી મોં એકલું દેખાય તેવી રીતે બાપજીને ખાટલામાં બેસાડ્યા. બાપજીના મુખ પર દિવ્ય તેજ ઝળકી રહ્યું હતું.

ખડકીમાં બાપજીનું દર્શન કરવા ભક્તજનોનું મોટું ટોળું ભેગું થયું હતું. ખડકી 'જય જય'ના પોકારથી ગાજી ઊઠી.

બાપજી કહે, 'બધાંનાં દર્શન કરવાં દો.'

બે હાથ જોડી પગે લાગવા આવનારને બાપજી બે હાથ જોડીને પ્રણામ કરવા લાગ્યા. મોટી મેદનીનો આ રીતે ક્યારે પત્તો ખાય ? બાપજી પણ થાકી જાય. એટલે સૌને પોતપોતાની જગ્યાએ ઊભાં રહી પ્રણામ કરવાનું સૂચવ્યું.

બાપજીએ પણ દરેક દિશામાં ઊભેલાં સૌ ભક્તજનો તરફ પોતે હાથ જોડી બધી બાજુ હાથ ફેરવી પ્રેમાળ નજર નાખી સૌને પ્રણામ કર્યા.

ત્યાંથી અંદરના ઓરડામાં લાવીને ઊંચકીને બાપજીને પથારીમાં સુવાડી દીધા.

મોહનભાઈ સિવાયના ચારે ભાઈઓ બહાર ચાલી ગયા. હરિભાઈ અને વાઘજીભાઈ દરવાજા આગળ બેઠા.

બાપજીએ મોહનભાઈને કહ્યું,

'હવે મને કોઈ જગાડતા નહિ કે બોલાવતા નહિ.'

શાંતપણે મોઢું ખુલ્લું રાખી ઓઢીને સૂતા.

રાતે નવ વાગ્યે મોહનભાઈ રસોડે દૂધ પીવા ગયા. ત્યાં કાશીનાથને તેમણે ધીમે અવાજે કહ્યું,

'બાપજી આજે રાતે જ દેહ છોડવા માગે છે. બાર વાગ્યે પતી જશે, એમ પોતે બોલેલા છે. માટે, આ વાત કોઈને કહીશ નહિ, પરંતુ મારે તારું કામ પડે અને તને જગાડું, તો એકદમ સમજીને આવી જજે. જોરથી બૂમો પાડીશ નહિ. નહિ તો બધાં જાગી જઈ કકળાટ કરવા મંડી પડશે.'

બહાર રવેશીમાં હરિભાઈ અને વાઘજીભાઈ સૂવાની તૈયારી કરતા હતા. હરિભાઈને પાસે બોલાવી મોહનભાઈએ કહ્યું,

'તમે સૂતા નહિ. જાગતા બેસજો. મારે તમને જરા વાત કરવી છે. પછી આવીશ.'

મોહનભાઈ ઓરડામાં જઈને ધીમેથી બાપજી પાસે ગયા. બાપજી બોલ્યા,

'કેમ પ્રભુ, આનંદમાં છોને ? બધાં સૂતાં છેને ? હવે આપણે બે જ છીએને ?'

મોહનભાઈએ કહ્યું : 'હા પ્રભુ, તેમ જ છે.'

બાપજી કહે,

'એકાંત જ સારું. રાતના જઈએ તે જ ઠીક.'

થોડીક વાર પછી બાપજી બોલ્યા,

'પ્રભુ, તમે, હું ન દેખી શકું તેમ, જરા ઊંચે બેસી રહેજો. માંગું ત્યારે પાણી પાજો. બિલકુલ બીશો નહિ. તમને બીક પણ નહિ લાગે. હું ઊંઘી ગયો છું એમ તમને લાગશે. બરાબર બારને ટકોરે શાંતિ થશે. તમનેયે ઘણું દુઃખ દીધું.'

પછી થોડીવાર પછી બાપજી કહે,

'હવે હું સૂઉં છું.

'હવે મને હાથ લગાડતા નહિ.

શાંતિ જાળવજો.

નિશ્ચિંત બેસજો.

પૂરા ભાગ્યશાળી છો.'

એમ કહી બાપજી સૂતા.

સવા દસ વાગ્યે મોહનભાઈએ હરિભાઈને બાપજીની વાત કહી,

'બાપજી પ્રભુ બરોબર બારને ટકોરે શાંત થશે. માટે અહીં બાજુમાં બાપજી ન જુએ એમ તમે અને વાઘજીભાઈ બેસો.'

આમ, ત્રણે જણ ઓરડામાં શાંત બેઠા.

ઘડિયાળમાં સાડા અગિયાર થયા.

બાપજી શાંત અવાજે ધીરેથી બોલ્યા,

'ભાઈ પાણી આપો.'

સૂતાં સૂતાં પીતાં ન ફાવે, એટલે અદૂકડા જરા બેઠા કરી પાણીનો ઘૂંટડો પીધો અને વળી મૌન સૂતા.

બારમાં દસ મિનિટ બાકી હતી. ત્યાં બાપજીને જોરથી હેડકી આવી. થોડી વાર પછી બીજી હેડકી જરા મોટેથી આવી.

અવાજ સાંભળીને માજી જાગી ગયાં ! ખાટલામાંથી ઊઠીને બારણું ઉઘાડી જોવા લાગ્યાં. આ જોઈને મોહનભાઈને અને હરિભાઈને ધ્રાસકો પડ્યો કે, માજી અહીં આવીને બૂમાબૂમ કરી મૂકશે, તો બાપજીની અંતઘડી બગડશે !

એટલે મોહનભાઈ ઝડપથી માજી પાસે દોડી ગયા અને મીઠાશથી એમને ધીમે અવાજે સમજાવવા લાગ્યા :

'માજી, હવે બાપજી પાંચ જ મિનિટ છે. એમની પાસે ન જશો. બાપજીએ કહ્યું છે કે, મને કોઈ અડકશો નહિ. બરાબર બારને ટકોરે શાંતરૂપ થશે.'

'બા, અમે પણ અહીં શાંત બેઠા છીએ અને બધું શાંતિથી જોઈ રહ્યા છીએ. માટે, આ મળેલી તક સંભાળી લો. પ્રભુની કૃપાથી તમને બાપજીનાં છેલ્લાં દર્શન કરવાં મળ્યાં છે. માટે, શાંતિથી અહીં બેસો અને જુઓ.'

માજી પ્રભુકૃપાથી માની ગયાં અને શાંત બેઠાં.

બરોબર બારને ટકોરે બાપજી શાંત થઈ ગયા.

એમનો પુણ્યાત્મા પરમ ચેતન તત્ત્વમાં ભળી ગયો.

તે વેળાએ વાઘબારશની મધ્યરાત્રી અને ધનતેરસની સવારની સુમંગળ સંધિનો કાળ હતો. એ રીતે જોતાં

તા. ૩જી નવેમ્બર, ૧૯૨૯ને દિને બાપજીનું દેહાવસાન થયું.

આ દુઃખદ સમાચાર જોતજોતાંમાં ભક્તમંડળમાં પ્રસરી ગયા. સૌ ભક્ત ભાઈબહેનો બાપજીના વિરહમાં દુઃખી દુઃખી થઈ ગયાં.

બાપજી જેવા સ્નેહાળ, નિઃસ્પૃહી, વિનમ્ર, નિર્મોહી, ભગવતભક્ત અને ભજનાનંદી માર્ગદર્શક ગુરુ જતાં કોને દુઃખ ન થાય ?

બાપજી કેવા નિરહંકારી હતા ! અવસાનના થોડા દિવસ પહેલાં બાપજીએ મોહનભાઈને કહ્યું હતું,

'હું સંત નથી, જ્ઞાની પણ નથી, માત્ર પ્રભુનો ભગત છું. માટે મારી પૂંઠે જે કંઈ કરવામાં આવે, તે ભગત તરીકે જ.'

એ દિવસોમાં સત્સંગીઓ મળીને બાપજીના ગયા પછીના સ્મારક અંગે વિચારણા કરવા બેઠા. આ વાતની બાપજીને જાણ થતાં એ નિર્મોહી, નિર્મમ ભગતે પ્રેમભાવે કહ્યું,

'મારા પ્રભુ, આવું બધું કરવાની શી જરૂર ?'

એટલું કહીને બાપજીએ એક પ્રસંગ કહ્યો,

'હું યાત્રાએ ગયેલો. ત્યાં એક મંદિરમાં પેસતાં ભક્ત કુટુંબ ધણી-ધણિયાણી, છોકરાં વગેરેનાં જમીનદોસ્ત પૂતળાં ઉપર પગ મૂકીને દેવનાં દર્શન કરવાં જવાતું. દરેક યાત્રાળુનો ચરણસ્પર્શ થાય એ માટે તે ભગતે

પોતાની યાદગીરી તેમ રખાવેલી.'

આ પ્રસંગ કહીને બાપજી બોલ્યા,

'ભગવાન નરસિંહજીની મૂર્તિને ગોખલામાં પધરાવી તેનાથી સહેજ નીચે તેમનાં જ ચરણમાં મારી પાવડી, ફેંટો કે છબી મૂકજો.'

આવા બાપજી કોને યાદ ન આવે ?

બાપજીનો પ્રત્યક્ષ સત્સંગ કરનારને તો બાપજી 'રામરસ'વાળું ભજન જે રામરસની મસ્તીથી મધુર કંઠે ગાતા એ એમના અંતરમાં સદા ગૂંજ્યાં કરતું હશે.

*'રામરસ ઐસા હૈ મેરે ભાઈ,*
*જો કોઈ પીએ અમર હો જાઈ. રામરસ૦*
*ઊંચા ઊંચા સૌ કોઈ ચાલે,*
*નીચા ન ચાલે કોઈ,*
*નીચા નીચા જો કોઈ ચાલે,*
*સબસે ઊંચા હોઈ. રામરસ૦'*

આમ 'નીચા નીચા' ચાલીને બાપજીએ સૌ સત્સંગીઓનાં ભક્તિશીલ હૈયાંમાં ઊંચામાં ઊંચું સદ્‌ગુરુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આવા બાપજીને આપણાં ભક્તિભર્યાં કોટિ કોટિ વંદન હો !

હરિઃૐ તત્ સત્ !

●

॥ હરિઃૐ ॥

(૧૧)

## બાપજીની અનુભવવાણી

બાપજી શ્રીમુખેથી સહજ રીતે ઉચ્ચારાયેલાં સુવચનો અમૃતબિંદુ સમાં હતાં. સંસ્કૃતમાં એક શ્લોકમાં કહ્યું છે :

'सद्‌भिः लीलया प्रोक्तं शीलालिखितं वाक्यम् ।'

'સત્પુરુષોથી સહજ ભાવે બોલાયેલું વાક્ય જાણે પથ્થર ઉપર કોતરાયેલું હોય એમ હંમેશને માટે ટકી રહે છે.'

બાપજી તો વધારે ભણેલા ન હતા. છતાં એમના અધ્યાત્મ અનુભવમાંથી નીતરેલાં સુવચનો હંમેશને માટે પથદર્શક થઈ પડે એવાં છે.

• • •

'સમજો' એટલે સમ થઈને જો.

• • •

વકીલ જેમ ફાંસીને લાકડેથી એક શબ્દમાં છોડાવે છે, તેમ સંત પણ છોડાવે.

પરંતુ વકીલ જેમ મુખત્યારનામું લખાવી લે છે, તેમ સંતને વકીલ કરવા હોય, તો મુખત્યારનામું લખી આપો.

• • •

આ દેહને સાચો માનશો, તો બંધન જ છે. માટે, દેહ અને મન જૂઠાં જ જાણો.

• • •

કૃપા એટલે શું ? કૃપા થાય, તો સર્વસ્વ મળે. અને અણકૃપાથી પામેલુંયે ખૂએ. માટે ગુરુનું છે ને ગુરુને અર્પણ. ના થાય અર્પણ તો તે છે કૃપણ.

• • •

પકડે સદ્‌ગુરુની સાન, તો પહોંચે નિર્વાણ.

• • •

બંદૂકમાં ગોળી ભર્યા વિના ભડાકો કરીએ, તેથી અવાજ થાય, પરંતુ નિશાન ઊડે નહિ. એમ વાચક જ્ઞાન બધું એવું ગોળી વિનાના ભડાકા છે. અંતરમાં લક્ષ રૂપી લોચન નથી, ત્યાં સુધી ગોળી વિનાના ફોગટ ભડાકા છે.

• • •

સંસારમાં કીર્તિને માટે ધામધૂમ. જે કંઈ કર્તવ્ય છે તે બધું બહાર દેખાવ માટે છે અને કીર્તિની લાલસાયે છે. બોલવું તે પણ સારા દેખાવ માટે છે.

દુનિયા આખી કંચન, કામિની ને કીર્તિ એ ત્રણમાં જ ગબડતો ગોળો છે. એક નહિ તો બીજું, પરંતુ આ ત્રિપુટીમાં જ.

• • •

શરણ એટલે સદ્‌ગુરુનું જ.

જેમ વહાણને જડેલું હજારો મણનું લોઢું વહાણ સાથે પાણીમાં તરે છે ને છૂટી એક રેખ નથી તરતી, પણ ડૂબે છે.

• • •

ભિખારી કોણ ? બહુ પૈસાવાળો.

કારણ કે તૃષ્ણા કરી કરી બહુ જ ભેગું કર્યું હોય અને તોપણ તૃષ્ણા મટે જ નહિ !

ગામનો મોટો ધનાઢ્ય તે મોટામાં મોટો ભિખારી છે એમ જાણવું.

• • •

તું એકને જાણે, તો તને અનેક જાણે.

• • •

મનને આનંદ થાય છે, તે તો દેહના સુખનો આનંદ થાય છે. આત્માના આનંદની મનને ખબર નથી.

• • •

જ્ઞાની-અનુભવી પોતાનો ધર્મ પાળે છે અને બીજા દેહનો ધર્મ પાળે છે.

પોતે એટલે સોહમ્ આત્મા ચૈતન્ય છે તે સર્વવ્યાપક છે. જેણે આત્માનો* નિશ્ચે કર્યો, તે જ ધર્મ પોતાનો.

આત્મા જાણીને સેવા કરે, તે જ ઉત્તમ ધર્મ છે.

---

* આત્માના અનુભવનો નિશ્ચય

પોતાનો ને પરનો આત્મા એક જાણ્યો, તેણે પોતાનું કલ્યાણ પોતે જ કર્યું.

આત્માને તો સર્વમાં એક આત્મા જાણવો, એ જ ધર્મ. બાકી બધા દેહના ધર્મ છે, એ તો મનના ને તનના.

ધર્મ શું છે ?

સત્-સત્-સ્વરૂપ.

• • •

એક શ્વાસનો વિશ્વાસ, બીજો મિથ્યા ભાસ. શ્વાસમાં પરમાત્માનો વાસ છે, માટે શ્વાસનો પ્રકાશ છે.

એ જ અભ્યાસ પાડવો કે અંતરથી નિઃસ્પૃહીપણું આવે. અંતરથી હું ને મારું નહિ, પણ તું ને તારું એમ ગાંઠ ઊકલવી જોઈએ.

• • •

ગતિ જાણે તે વક્તા, બીજા તે ભસતા.

• • •

મડદાને ભય શો ?

એમ 'મરતાં પહેલાં જાને મરી.'

અખો કહે છે તેમ –

*'મૃતક સમ મીઠું કાંઈ નથી.*

*સારમાંથી સાર કાઢ્યું મથી.'*

એમ મરીને જીવવાનો મર્મ કોકને જડે છે.

અંતરથી મરવું અને ઉપરથી જીવવું.

• • •

ખરા તો એવા હોય કે, સત્યે ચાલવું ને સારી રહેણીથી રહેવું, પછી ભલે કોઈ –

*'ભલા કહે યા બૂરા કહે, અપની મતિ અનુસારા.'*

• • •

બુદ્ધિ કર્મ અનુસારિણી.

સુખ આવવાનું હોય, તો બુદ્ધિ તેવી થઈ જાય. અને દુઃખ આવવાનું હોય, તો બુદ્ધિ તેવી થઈ જાય.

એનો ઉપાય એ કે, ખરું શરણું અંતરમાં ઓળખીને પકડે, તો જ રહેવાય.

• • •

ઘણાં મરેલાં પૂર્વજોને પૂજે છે, પણ જીવતાં પૂર્વજોને તો આડાં ફરે છે.

• • •

**ધ્યાન રાખવાનું છે, કરવાનું નથી.**

**'ઓળખાણ નહિ અંતરમાં, નિશદિન કોનું ધ્યાન ધરે ? જો પરમાત્માને ઓળખતા નથી, તો કોનું ધ્યાન કરીશું ? અને જો ઓળખ્યા, તો ધ્યાન કરવાનું રહ્યું નહિ, રાખવાનું છે.**

• • •

પ્રભુ છે બધાંમાં, પણ ઓળખે છે તેમાં પ્રગટ છે.

પ્રગટ સંતમાંથી, દીવામાંથી દીવો-જ્ઞાનરૂપ ચેતન દીવો પ્રગટ થાય છે.

• • •

મન સાધ્યું તે જ સાધુ જાણવા. બાકી, ઈચ્છાઓ કરવાવાળા, જેનું મન ધરાતું જ નથી, એ તો સામાન્ય મનુષ્ય જ જાણવા.

• • •

*'જોગી તારે પંડકુ, પણ ભગત તારે ખંડકુ.'*

જોગી તો દુનિયા ત્યાગીને બહુ તો પોતાનો જ ઉદ્ધાર કરે છે, પરંતુ ભક્તજન તો આખા ખંડને, સમસ્ત માનવજાતને તારે છે. એમનાથી, એમના સમાગમથી અનેક તરે છે, રસ્તો શોધી લે છે.

• • •

*'તુલસી પંછીનકે પીએ, ઘટે ન સરિતા નીર,*
*ધન દીએ ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.'*

એમ ન માનતા કે મહેનત કરી રળીએ છીએ ને આમ કર્યાથી આમ થયું. એ તો પ્રભુની ગતિ જ અપાર છે. સૌમાં અનેકનો હિસ્સો હોય. એકલાના પ્રારબ્ધે નથી મળતું. કંઈકનાં ભેગાં ભળ્યાં હશે.

• • •

ધ્યાન એ તો જડવત્ જેવું છે, પણ સત્સંગ જેવો આનંદ કશામાંયે નથી.

• • •

આપણા સાધુસંતોએ તત્ત્વને સહજમાં કહી દીધું છે.

બહિર્મુખ દૃષ્ટિ કાઢીને અંતરમાં વાળો.

બહાર ખોજવા જવાને બદલે અંતરમાં ખોજો.

• • •

આ જ જીવનમાં સ્વર્ગ અને નરક છે. માનો તો મુક્તિ છે અને ન માનો તો બંધન છે.

• • •

આ મન જ પાપિયું છે. એ મનને મારી નાખો, એટલે શુદ્ધ અલેપ આત્માને પામીને બેસી જશો.

• • •

આ જ જન્મમાં પુરુષાર્થ કરો, આ જ જન્મમાં અને દેહનાં બંધનને તોડીને ફેંકી દો.

• • •

જ્યાં સુધી ચોરાશીનું ખાતું ઊભું છે, કાઢી નથી નાખ્યું, ત્યાં સુધી સાધુ, સંત, ગુરુ મળ્યા ન મળ્યા સરખા છે.

• • •

'ગુરુ વિના હરિ નવ મળે, જો કરે કોટિ ઉપાય જી.'

એમ દેહમાં રહેલું છૂપું ધન ગુરુ વિના ઉપભોગે ન પડે. માટે વસ્તુ પ્રાપ્ત કરવા ગુરુની જરૂર છે જ.

• • •

જે સહેજે મળે, એમાં જ સંતોષ માનીને રહેવું.

ઈશ્વરને પણ અસંતોષી સ્વભાવ નથી ગમતો. ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા હોય, તે સ્થિતિને સંતોષ અને શાંતિથી વિતાવે, તો ઈશ્વર દયાળુ છે. એને પાલવે તેમ કરે.

• • •

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩.આર્તપોકાર | ૧૯૫૪ | ૪૨.જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૧૪.અભ્યાસીને | ૧૯૬૭ | ૪૩.જીવનકેડી | ૧૯૭૪ |
| ૧૫.જિજ્ઞાસા | ૧૯૭૦ | ૪૪.ભાવકણિકા | ૧૯૭૪ |
| ૧૬.ભાવ | ૧૯૭૧ | ૪૫.ભાવરેણુ | ૧૯૭૪ |
| ૧૭.જીવનઝલક | ૧૯૭૧ | ૪૬.ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૧૮.જીવનસૌરભ | ૧૯૭૧ | ૪૭.ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૧૯.જીવનઅનુભવગીત | ૧૯૭૧ | ૪૮.ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૨૦.જીવનસ્મરણ | ૧૯૭૧ | ૪૯.જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૨૧.શ્રદ્ધા | ૧૯૭૧ | ૫૦.જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૨૨.જીવનલહરી | ૧૯૭૧ | ૫૧.મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |
| ૨૩.જીવનતપ | ૧૯૭૨ | | |
| ૨૪.જીવનરસાયણ | ૧૯૭૨ | | |
| ૨૫.જીવનઆહ્લાદ | ૧૯૭૨ | | |
| ૨૬.રાગદ્વેષ | ૧૯૭૨ | | |
| ૨૭.નિમિત્ત | ૧૯૭૨ | | |
| ૨૮.ગુણવિમર્શ | ૧૯૭૨ | | |
| ૨૯.જીવનસ્પંદન | ૧૯૭૩ | | |
| ૩૦.જીવનરંગત | ૧૯૭૩ | | |
| ૩૧.જીવનકથની | ૧૯૭૩ | | |
| ૩૨.જીવનસ્મરણસાધના | ૧૯૭૩ | | |
| ૩૩.જીવનમથામણ | ૧૯૭૩ | | |
| ૩૪.પ્રેમ | ૧૯૭૩ | | |
| ૩૫.મોહ | ૧૯૭૩ | | |
| ૩૬.કૃપા | ૧૯૭૩ | | |
| ૩૭.સ્વાર્થ | ૧૯૭૩ | | |
| ૩૮.શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ | | |
| ૩૯.કર્મઉપાસના | ૧૯૭૩ | | |
| ૪૦.જીવનચણતર | ૧૯૭૪ | | |
| ૪૧.જીવનઘડતર | ૧૯૭૪ | | |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) ૨૦૧૪
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरिःॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरिःॐ आश्रम (श्रीभगवान केअनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિઃૐ ॥

# બાપજીની અનુભવવાણી

જે સહેજે મળે, એમાં જ સંતોષ માનીને રહેવું. ઈશ્વરને પણ અસંતોષી સ્વભાવ નથી ગમતો. ઈશ્વરે જે સ્થિતિમાં મૂક્યા હોય, તે સ્થિતિને સંતોષ અને શાંતિથી વિતાવે, તો ઈશ્વર દયાળુ છે. એને પાલવે તેમ કરે.

'ગોધરાના બાપજી મહારાજનું જીવનચરિત્ર'

કિંમત : રૂ. ૧૫/-